# સ્ટોરીઝ
# બિયોન્ડ ધ રોડ

એક યાત્રા ભીતરની ઓળખ ભણી..!

## ડૉ. દૃષ્ટિ

BlueRose ONE.com
Stories Matter
NewDelhi • London

**BLUEROSE PUBLISHERS**
India | U.K.

Copyright © Dr. Drashti 2026

All rights reserved by author. No part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise, without the prior permission of the author. Although every precaution has been taken to verify the accuracy of the information contained herein, the publisher assumes no responsibility for any errors or omissions. No liability is assumed for damages that may result from the use of information contained within.

BlueRose Publishers takes no responsibility for any damages, losses, or liabilities that may arise from the use or misuse of the information, products, or services provided in this publication.

BlueRose ONE.com
Stories Matter
NewDelhi • London

For permissions requests or inquiries regarding this publication, please contact:

BLUEROSE PUBLISHERS
www.BlueRoseONE.com
info@bluerosepublishers.com
+91 8882 898 898
+4407342408967

ISBN: 978-93-7825-792-6

Cover design: Shariq Ansari
Typesetting: Simran Maurya

First Edition: May 2026

**મારું અસ્તિત્વ જેમના લીધે**

**એવા મમ્મી-પપ્પા**

**અને**

**મારી સપનાની દુનિયા સજાવવાવાળા**

**સૌ કોઈને**

**આદર સહ**

**અર્પણ..!**

# પ્રસ્તાવના

પ્રવાસ મારા માટે માત્ર એક સ્થળેથી બીજા સ્થળે જવાનું નામ નથી. પ્રવાસ મારા માટે નવા અનુભવ, નવી લાગણીઓ અને પોતાની જાતને વધુ સારી રીતે સમજવાની એક સુંદર તક છે. જીવનમાં ક્યારેક આપણે પોતાના માટે સમય આપવો જરૂરી હોય છે અને મારા માટે 'સોલો ટ્રાવેલ' 'એકલયાત્રા' એક એવો અંગત સમય છે.

મને પહેલેથી જ એકલા પ્રવાસ કરવાનો થોડો અનુભવ હતો. હું અમેરિકા અને ઋષિકેશમાં પણ એકલી મુસાફરી કરી ચૂકી છું. એ અનુભવોએ મને ઘણો આત્મવિશ્વાસ આપ્યો અને મને સમજાવ્યું કે દુનિયા ઘણી વિશાળ છે અને તેને જોવા માટે હિંમત અને ઉત્સુકતા બંને જરૂરી છે. સૌથી વધારે મજા જોવાનો જે આનંદ જે છે, એ ખરેખર આનંદ જ છે.

આ પુસ્તક મારા એવા જ એક યાદગાર પ્રવાસ વિશે છે. જેમાં મેં અમદાવાદથી દક્ષિણ ભારત સુધીની લાંબી ટ્રેન યાત્રા કરી. આ સફર દરમિયાન મેં ઘણા સુંદર શહેરો જોયા, સમુદ્રની શાંતિ અનુભવી, કુદરતની સુંદરતા જોઈ અને ઘણા સારા લોકો મળ્યા. મારી આ સફર મને લઈ ગઈ અમદાવાદ થી મદુરાઈ, પછી રામેશ્વરમ અને ધનુષ્કોડી. ત્યારબાદ હું પહોંચી ભારતના અંતિમ બિંદુ એટલે કે કન્યાકુમારી. ત્યાંથી મારી સફર આગળ

વધી સુંદર કેરળ રાજ્યમાં. જ્યાં મેં કોચી, મુન્નાર, થેક્કડી, એલેપ્પી, વર્કલા અને તિરુવનંતપુરમ જેવી જગ્યાઓ જોઈ.

આ પ્રવાસ દરમિયાન મેં માત્ર નવા સ્થળો જ નથી જોયા. પરંતુ જીવન વિશે ઘણી નવી બાબતો પણ શીખી. એકલો કરેલો પ્રવાસ આપણને મજબૂત બનાવે છે. આપણામાં આત્મવિશ્વાસ વધારે છે અને આપણને નવી દ્રષ્ટિ આપે છે.

આ પુસ્તકમાં મેં મારા પ્રવાસના અનુભવ, લાગણીઓ, પડકારો અને યાદગાર ક્ષણોને સરળ રીતે લખવાનો પ્રયાસ કર્યો છે. મને આશા છે કે આ પુસ્તક વાંચીને કોઈને નવી જગ્યાઓ જોવા પ્રેરણા મળશે અને કદાચ કોઈ પોતાના સપનાની મુસાફરી શરૂ કરવા માટે હિંમત કરશે. આ મારી એક પ્રવાસની કહાની છે. પરંતુ સાથે આ મારી જાત સાથે ઓળખ કરવાની સફર પણ છે.

# અનુક્રમણિકા


1. મારી સોલો પ્રવાસની શરૂઆત........................................1
2. સોલો પ્રવાસના અનુભવો (ઋષિકેશ અને અમેરિકા)........4
3. આ મુસાફરીનો વિચાર કેવી રીતે આવ્યો........................ 10
4. અમદાવાદથી લાંબી ટ્રેન મુસાફરી.................................. 13
5. મદુરાઈ – દક્ષિણ ભારતનો પ્રથમ અનુભવ..................... 19
6. રામેશ્વરમ – દરિયો અને આધ્યાત્મિકતા......................... 26
7. કન્યાકુમારી – ભારતનો ભૌગોલિક અંત અને એક યાદગાર ક્ષણ................................................................ 34
8. કોચી – કેરળની સંસ્કૃતિ સાથે જીવનની પહેલી પળો..... 42
9. મુન્નાર – ચા બાગ અને પહાડોની વચ્ચે........................... 56
10. થેક્કડી – કેરળની સંસ્કૃતિ અને આયુર્વેદનો અનોખો અનુભવ.............................................................................. 61
11. એલેપ્પી – બેકવોટર અને શાંતિભર્યું જીવન................. 64
12. વર્કલા – સમુદ્ર કિનારે એકલાં વિચારો.......................... 71
13. તિરુવનંતપુરમ – મુસાફરીનો મહત્વપૂર્ણ પડાવ........... 74
14. કોવલમ બીચ – આરામ અને સુંદરતા.......................... 79
15. તિરુવનંતપુરમથી અમદાવાદ – ઘરે પરત ફરતી વેળાએ.......................................................................... 81
16. મુસાફરીમાં મળેલા લોકો અને યાદગાર ક્ષણો............. 84
17. આ મુસાફરીએ મને શું શીખવ્યું? ................................. 89
18. સોલો ટ્રાવેલ કરવા માંગતા લોકો માટે માર્ગદર્શન........ 92

# 1. મારી સોલો પ્રવાસની શરૂઆત

ક્યારેક જીવનમાં એક નાનો વિચાર પણ આખી સફર બદલી નાખે છે. એ સમયે આપણને ખબર પણ નથી હોતી કે એક નાનું પગલું આગળ જઈને કેટલી મોટી યાદોમાં ફેરવાઈ જતું હોય છે. મારી સોલો પ્રવાસની શરૂઆત પણ એવી જ એક નાની પરંતુ ખાસ ક્ષણથી થઈ હતી.

વર્ષ ૨૦૧૯ આસપાસની વાત છે. તે સમયે હું મારી કારકિર્દી માટે ખૂબ મહેનત કરી રહી હતી. એ દરમિયાન મને એક મહત્વપૂર્ણ તક મળી Council of Scientific and Industrial Research (CSIR) - SRF ઇન્ટરવ્યૂ માટે મારી પસંદગી થઈ હતી.

આ ઇન્ટરવ્યૂ માટે મારે દિલ્હી જવાનું હતું. મારી અમદાવાદથી દિલ્હી સુધીની સફર શરૂ થવાની હતી. આ સફર પહેલેથી જ મારા માટે મહત્વપૂર્ણ હતી, કારણ કે તે મારા કરિયર સાથે જોડાયેલી હતી. પરંતુ એ જ સફરે મારી જિંદગીમાં એક નવી શરૂઆત પણ કરી દીધી.

તે સમયે મારા મિત્રએ મને પ્રેરણાદાયક વાત કહી: “તું અમદાવાદથી દિલ્હી જઈ રહી છે, તો પછી આજુબાજુ કોઈ જગ્યાએ ફરી આવને? તને એક નવો અનુભવ મળશે.” એ વાત સાંભળીને હું થોડું વિચારતી થઈ ગઈ. કારણ કે સાચું કહું તો

એ પહેલા મેં ક્યારેય આ રીતે એકલી મુસાફરી કરી નહોતી. મારા મનમાં થોડી શંકા હતી, થોડો ડર પણ હતો. હું વિચારી રહી હતી, હું આ કરી શકીશ? પણ થોડા સમય પછી મેં વિચાર્યું, ચાલ, એક વાર પ્રયાસ કરીને જોવું જોઈએ.

એ વિચાર સાથે મેં નક્કી કર્યું કે દિલ્હીથી હું ઋષિકેશ જઈશ. શરૂઆતમાં થોડો ઉત્સાહ પણ હતો અને થોડો ડર પણ. જ્યારે મારા મિત્રો અને પરિવારને ખબર પડી કે હું એકલી મુસાફરી કરવા જઈ રહી છું, ત્યારે તેઓ થોડા ચિંતિત થઈ ગયા. મિત્રોએ મને સાવચેત રહેવાની સલાહ આપી અને સુરક્ષા માટે પેપર સ્પ્રે ખરીદવાની વાત કરી અને ખરેખર મે ખરીદ્યો પણ હતો.

સાચું કહું. તો એ સમયે મારા મનમાં પણ થોડો ગભરાટ હતો. નવા શહેરો, અજાણ્યા લોકો અને સંપૂર્ણ નવી પરિસ્થિતિ, આ બધું મારા માટે નવું હતું. પરંતુ જ્યારે હું ઋષિકેશ પહોંચી, ત્યારે ધીમે ધીમે મારી અંદરનો ડર ગાયબ થવા લાગ્યો. ત્યાંનું વાતાવરણ ખૂબ શાંત અને સુંદર હતું. ગંગા કિનારે બેસીને મને પહેલી વાર એવું લાગ્યું કે હું ખરેખર કંઈક નવું કરી રહી છું.

આ સફર દરમિયાન હું ઘણા નવા લોકોને મળી. શરૂઆતમાં મને થોડું અજાણપણું લાગતું હતું. ઘણી વાર મને લાગતું હતું કે કદાચ લોકો ખોટું વિચારશે અથવા કંઈક અજીબ થઈ જશે તો!? પરંતુ જ્યારે હું લોકો સાથે વાત કરવા લાગી, ત્યારે મને સમજાયું કે દુનિયામાં ઘણા લોકો ખરેખર સારા અને મદદરૂપ

હોય છે. એ મુસાફરીએ મને એક મોટી વાત શીખવી કે ડર ઘણી વાર આપણા મનમાં જ હોય છે. જ્યારે આપણે એક પગલું આગળ વધીએ છીએ, ત્યારે રસ્તા ધીમે ધીમે સરળ બનવા લાગે છે.

આ મુસાફરી પછી મારી અંદર એક નવો આત્મવિશ્વાસ આવ્યો. મને સમજાયું કે હું એકલી મુસાફરી કરી શકું છું અને કદાચ એ જ ક્ષણ હતી, જેને મારી અંદર એક નવું સાહસ જન્માવ્યું. આ રીતે એક નાનકડા વિચારથી, એક સલાહથી, અને થોડી હિંમતથી - મારી સોલો સફરની શરૂઆત થઈ. મને ખબર નહોતી કે આ શરૂઆત મને આગળ કેટલા સુંદર પ્રવાસ તરફ લઈ જનારી હશે!

# 2. સોલો પ્રવાસના અનુભવો (ઋષિકેશ અને અમેરિકા)

ઋષિકેશ અને યુએસએનો પ્રવાસ મારા જીવનનો એક અનોખો અને અતિ રસપ્રદ અધ્યાય છે. તે સફર માત્ર સ્થળોની મુલાકાત નહોતી પરંતુ અનુભવો, લાગણીઓ અને નવી સમજણોથી ભરેલો એક સુંદર પંથ હતો. દરેક દિવસ કંઈક નવું શીખવતો હતો, દરેક ક્ષણ પોતાની અંદર એક યાદગાર કથા લઈને આવતી હતી.

એ પ્રવાસ દરમિયાન એવા અનેક પ્રસંગો બન્યા કે જે બધા પુરા વર્ણવી નહીં શકું. પરંતુ, આ પાનાઓમાં હું એ સફરની થોડીક ઝલક, મારો ઉત્સાહ અને મનમાં ઊભી થયેલી લાગણીઓ પહોંચાડવાનો એક નાનો પ્રયત્ન કરી રહી છું.

રાતનો સમય હતો. બેગ તૈયાર હતી, ટિકિટ હાથમાં હતી અને મનમાં ઘણા વિચારો ચાલી રહ્યા હતા. એક તરફ ઉત્સાહ હતો, તો બીજી તરફ થોડો ડર પણ. એ પહેલી વાર હતું જ્યારે હું એકલી સફર કરવા નીકળી રહી હતી. ક્યારેક જીવનમાં એવાં નિર્ણયો લઈએ છીએ જે પછી આખું જીવન બદલાઈ જાય. મારી સોલો મુસાફરીની શરૂઆત પણ એવી જ એક ક્ષણથી થઈ. આજે જ્યારે હું પાછળ વળી ને જોઉ છું, ત્યારે લાગે છે કે આ સફર સરળ નહોતી. ખરેખર, હું ૨૦૧૯ માં પહેલી વાર

એકલી મુસાફરી કરવા નીકળી હતી. એ મારી જિંદગીનો એક નવો અને યાદગાર અનુભવ હતો. આમ મારી પહેલી સોલો ટ્રિપ હતી ઋષિકેશ.

આ મુસાફરી થોડીક ઉત્સાહજનક હતી અને થોડીક અજાણી પણ. હું પહેલા દિલ્હી ગઈ અને ત્યાં એક દિવસ રોકાઈ. ત્યારબાદ હું ઋષિકેશ પહોંચી અને ત્યાં હોસ્ટેલમાં રોકાઈ. ત્યાં મને ઘણા નવા લોકો મળ્યા. એ મારી મુસાફરીનો ખૂબ જ ખાસ ભાગ હતા. મને ભારતના અલગ અલગ રાજ્યોમાંથી આવેલા લોકો મળ્યા, અને કેટલાક લોકો તો ભારત બહારના દેશોમાંથી પણ આવ્યા હતા.

મારી એક રૂમમેટ હતી, જે ભારતમાં યોગ શીખવા માટે આવી હતી. તેની સાથે વાત કરતા મને સમજાયું કે લોકો દુનિયાના અલગ અલગ દેશોમાંથી અહીં શીખવા માટે આવે છે. એક વખત હું એક એવા વ્યક્તિને પણ મળી, જે ઓસ્ટ્રેલિયાથી આવ્યો હતો. તેણે પોતાની નોકરી છોડી અને દુનિયા ફરવા નીકળી ગયો હતો. તેની સાથે વાત કરીને મને ખૂબ પ્રેરણા મળી. એ પહેલા એક રસપ્રદ ઘટના બસમાં બની હતી. બસમાં મને એક ઋષિકેશની યુવતી મળી. એ પણ દિલ્હીથી મારી બસમાં હતી, એને એની જોબ છોડી દીધી હતી અને એ એના ઘરે બધો સામાન લઈને એના ઘરે ઋષિકેશ જઇ રહી હતી અમારી વચ્ચે વાતો થઈ અને પછી અમે એક બીજાના મોબાઈલ નંબર આપ્યા. અને અમે બીજા દિવસે ફરી મળવાનું

નક્કી કર્યું. તે દિવસ તેણે મને કેફેમાં મળવા માટે કહ્યું. સાચું કહું તો એ સમયે મને થોડોક ગભરાટ હતો. કારણ કે હું આ રીતે પહેલા ક્યારેય અજાણી વ્યક્તિને ક્યારે મળવા ગઈ નહોતી. પરંતુ પછી મેં વિચાર્યું કે કદાચ આ પણ એક નવો અનુભવ થશે. જ્યારે અમે કેફેમાં મળ્યા, ત્યારે અમારી વચ્ચે ખૂબ સારી વાતચીત થઈ. એ અનુભવ મને આજ સુધી યાદ છે.

ઋષિકેશમાં મેં ઘણા એડવેન્ચર પણ કર્યાં. મેં પહેલી વાર રિવર રાફ્ટિંગ કર્યું. ઠંડું પાણી, જોરદાર રેપિડ્સ અને આસપાસના પર્વતો - એ અનુભવ ખરેખર અદ્ભુત હતો. એ મારી જિંદગીના યાદગાર પળોમાંથી એક છે. એક દિવસ મેં આખું શહેર પગપાળા ફર્યું. મંદિરો, ગંગા કિનારો, જુદા જુદા પુલ અને ઘણી જગ્યાઓ જોઈ. બીજા દિવસે મેં એક્ટિવા ભાડે લીધી અને આખું ઋષિકેશ એક્ટિવા પર ફરવા નીકળી. એ દિવસ થોડો રોમાંચક વધારે હતો અને થોડો ડરાવનારો પણ. એક સમયે હું જંગલના રસ્તા પર પહોંચી ગઈ. લગભગ ૫-૧૦ મિનિટ સુધી રસ્તા પર કોઈ દેખાતું નહોતું - ફક્ત જંગલ જ હતું. એ સમયે મને થોડો ડર લાગ્યો. પણ થોડા સમય પછી મને રસ્તામાં બે પોલીસ ઓફિસર મળ્યા. તેમણે મને યોગ્ય રસ્તો બતાવ્યો અને પછી હું ફરી શહેરમાં આવી ગઈ.

આ મુસાફરી દરમિયાન મેં એક વધુ એડવેન્ચર કર્યું ‘ફ્લાઈંગ ફોક્સ’ (દોરડા અને સાંકળથી આપણને લટકાવે કે પંખીની પેઠે આપણે ઉડતાં હોઈએ એવી રાઈડ). શરૂઆતમાં હું ખૂબ

ઉત્સાહિત હતી. પરંતુ જ્યારે મેં લોકો ને તે કરતા જોયા, ત્યારે થોડો ડર લાગવા લાગ્યો. મેં તો એક સમયે વિચાર્યું કે કદાચ હું આ નહીં કરી શકું. પરંતુ ત્યાંના ઇન્સ્ટ્રક્ટરે મને થોડું પ્રોત્સાહન આપ્યું. લગભગ પાંચ મિનિટ સુધી તેણે મને સમજાવ્યું. અને પછી મેં નક્કી કર્યું - ચાલ, કરી જ લઈએ. જ્યારે હું ફ્લાઇંગ ફોક્સ પર ગઈ, ત્યારે શરૂઆતમાં એકાદ મિનિટ ખૂબ ડર લાગ્યો. એ પછી એવું ફીલ કરવા લાગી કે હું પક્ષીની જેમ ઉડી રહી છું. આસપાસ પર્વતો, નીચે વહેતી ગંગા અને ઠંડી હવા - એ અનુભવ શબ્દોમાં સમજાવવો મુશ્કેલ છે. તે દિવસે મને સમજાયું કે ક્યારેક આપણે જે વસ્તુથી ડરીએ છીએ, એ જ અનુભવ સૌથી સુંદર બની જતો હોય છે.

થોડા વર્ષો પછી મારી જિંદગીમાં એક મોટો ફેરફાર આવ્યો. મારી જોબના કારણે હું યુએસએ ગઈ. હું વર્ષ ૨૦૨૨માં ત્યાં ગઈ હતી અને ૨૦૨૫ સુધી ત્યાં રહી. યુનાઇટેડ સ્ટેટ્સમાં રહેતી વખતે મારા માટે એક નવી દુનિયા ખુલી ગઈ. ત્યાં મેં માત્ર કામ જ નહોતું કર્યું, પરંતુ ઘણા નવા અનુભવ પણ મેળવ્યા. મને હંમેશા થોડું એડવેન્ચર કરવાની ઇચ્છા રહેતી હતી, અને ત્યાં મને એ તક મળી.

યુનાઇટેડ સ્ટેટ્સમાં રહેવું મારા માટે એક સંપૂર્ણ અલગ અનુભવ હતો. ત્યાં મેં ઘણા નેશનલ પાર્ક્સ ફર્યા. દરેક નેશનલ પાર્કની પોતાની અલગ સુંદરતા છે. કુદરતનું એક અલગ જ રૂપ ત્યાં જોવા મળ્યું. અમેરિકામાં મે લગભગ ૨૫ જેટલા રાજ્યો

કર્યા – ન્યૂ ઓર્લિન્સ, શિકાગો, ન્યૂ યોર્ક, લાસ વેગસ, કેલિફોર્નિયા, ટેક્સાસ, ન્યૂ જર્સી અને બીજા ઘણા રાજ્યો અને શહેરો. દરેક શહેરની પોતાની સંસ્કૃતિ, જીવનશૈલી અને ઉર્જા હતી. ક્યાંક મ્યુઝિક અને પાર્ટીઓ, ક્યાંક મોટી ઇમારતો અને વ્યસ્ત જીવન - દરેક શહેરે મને કંઈક નવું શીખવ્યું છે.

આ સમય દરમિયાન મેં ઘણા એડવેન્ચર્સ પણ કર્યા. મેં પહેલી વાર 'સ્નો ટ્યુબિંગ' (હવા ભરેલી ટ્યુબમાં બેસી બરફ ઉપર લપસણી) કર્યું - બરફ પર ઝડપથી સ્લાઇડ થવાનો એ અનુભવ મજ્જા પડે એવો હતો. ત્યારબાદ મેં 'કાયકિંગ' કર્યું, જ્યાં પાણીની વચ્ચે પોતે બોટ ચલાવવાનો અનુભવ ખૂબ જ યાદગાર રહ્યો. મને કુદરત ખૂબ ગમે છે, તેથી મેં 'બેકપેકિંગ' (જરૂરિયાતવાળો સામાન લઈને નીકળી પડવું) અને 'ટ્રેકિંગ' પણ કર્યા. જ્યાં લાંબા રસ્તા પર ચાલતા ચાલતા કુદરતને નજીકથી જોવાની મજ્જા અનેરી છે. જ્યારે હું મજ્જા કહું ત્યારે તમે મજા સમજજો. કેમકે એ મારો ઉદ્ગાર છે. શિયાળાની ઋતુમાં મેં 'સ્નો સ્કીંગ' કરવાનો અનુભવ પણ લીધો. એ થોડુક મુશ્કેલ લાગ્યું. એ પછી એક અલગ જ અનુભવ હતો - 'નિશાનબાજી' કરવાનો. શરૂઆતમાં થોડો ગભરાટ હતો, પરંતુ તે પણ એક નવો અનુભવ હતો, જે મેં પહેલા ક્યારેય કર્યો નહોતો.

આ બધા એડવેન્ચર્સ અનુભવોએ મારી અંદર નવી હિંમત વાવી છે અને આત્મવિશ્વાસ વધાર્યો છે. આ સમય દરમિયાન

મને માત્ર કામ કરવાનો જ નહીં, પણ અલગ અલગ સ્થળો જોવાના અને એકલી મુસાફરી કરવાના પણ ઘણા અવસર મળ્યા છે. મેં ઘણા શહેરો જોયા, નવી જગ્યાઓ પર ગઈ અને નવા લોકોને મળવાનું થયું. શરૂઆતની થોડીક સંકુચિત મનની અવસ્થાથી મને ડર લાગતો હતો, પરંતુ ધીમે ધીમે સોલો ટ્રાવેલ મારી માટે સ્વાભાવિક ગતિ બની ગઈ. દરેક મુસાફરીએ મને કંઈક નવું શીખવ્યું.

આ બધા અનુભવોએ મને અંદરથી ઘણી મજબૂત બનાવી છે. મને સમજાયું કે દુનિયા ઘણી મોટી છે, અને તેને જોવા માટે હિંમત રાખવી જરૂરી છે. કદાચ એ જ કારણ છે કે ત્યારબાદ મેં મારી આ લાંબી અને યાદગાર મુસાફરી શરૂ કરવાની હિંમત પણ કરી હોય...!

# 3. આ મુસાફરીનો વિચાર કેવી રીતે આવ્યો

હું જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સથી ભારત પાછી આવી ત્યારે મારું જીવન અને કારકિર્દી બંને એક મહત્વના વળાંક પર હતાં. મેં મારી નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું અને મને નવી નોકરી માટે ઓફર લેટર પણ મળી ગયો હતો. મારી $H_1b$ વિઝાની પ્રોસેસ ચાલુ હતી તેની મંજૂરી માટે ઘણો સમય લાગી રહ્યો હતો. તેથી થોડા સમય માટે મને મારા વતન ભારત પરત આવવું પડયું. વર્ષ ૨૦૨૫ મારા માટે અનિશ્ચિતતાઓ અને અનેક વિચારો સાથે પસાર થતું વર્ષ બની રહ્યું. હજુ સુધી મારા $H_1b$ વિઝાની પ્રોસેસ ચાલુ હતી અને તેનો જવાબ આવવાનો બાકી હતો. વિઝાની પ્રોસેસ પતે એની રાહ જોતી, પરંતુ નિષ્ક્રિય ન હતી. જીવનના આ વિરામને મેં મુસાફરીમાં બદલવાનો નિર્ણય લીધો. માતા-પિતાની સાથે મેં મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં કેટલીક સુંદર જગ્યાઓ ફરવાનો આનંદ માણ્યો. મિત્રો સાથે પણ થોડા નાનાં પ્રવાસો કર્યા. આ રીતે મારા દિવસો પસાર થતા રહ્યા હતા. નવી જગ્યાઓ, નવા દૃશ્યો આનંદોથી ભરેલી હું.

સમય આગળ વધતો રહ્યો. એક મહિનો... બે મહિના... અને પછી ત્રણ મહિના વીતી ગયા. છતાં મારા $H_1b$ વિઝાનો જવાબ હજુ સુધી આવ્યો નહોતો. એ રાહ જોવાની ક્ષણોમાં ક્યારેક

મનમાં અનેક વિચારો આવતાં. એ દરમિયાન મને થયું કે મેં અમેરિકામાં તો ઘણી જગ્યાઓ જોઈ હતી પરંતુ મારા પોતાના દેશમાં હજુ સુધી ઘણી બધી જગ્યાઓ જોવાની બાકી છે.

ભારતમાં મેં અત્યાર સુધી મુખ્યત્વે ઉત્તર ભારત જ જોયું હતું. દક્ષિણ ભારત હજુ સુધી મારા માટે એક નવી દુનિયા જેવી હતી - અજાણી, પરંતુ આકર્ષક. એ વિચાર ધીમે ધીમે મનમાં ઊંડો થવા લાગ્યો અને દક્ષિણ ભારતને નજીકથી જોવાનું નક્કી કરી દીધું. ત્યાંના લોકો, તેમની સંસ્કૃતિ, પરંપરા, ભોજન અને કુદરતી સૌંદર્ય - આ બધું પોતાની આંખે જોવા અને અનુભવવાની મારી અંદરથી ઈચ્છા ઊભી થઈ.

ખાસ કરીને કેરળ તો મારી બકેટ લિસ્ટમાં પહેલેથી જ હતું. ઘણા લોકો પાસેથી મેં સાંભળ્યું હતું કે ત્યાંનું કુદરતી સૌંદર્ય અદભૂત છે. કેરળ એટલે હરિયાળી, બેકવોટર્સ અને શાંતિથી ભરેલું એક સ્વર્ગ સમાન સ્થળ. આ વિચાર આવતા જ મનમાં બીજી એક ઈચ્છા પણ ઉદ્ભવી - જો હું ત્યાં સુધી જાઉં છું, તો નજીકમાં આવેલું પવિત્ર સ્થળ રામેશ્વરમ પણ જરૂરથી જોવું જોઈએ. હું ગુજરાતમાંથી મુસાફરી શરૂ કરવાની હતી, તેથી મને લાગ્યું કે જો યોગ્ય રીતે યોજના બનાવું તો તમિલનાડુ અને કેરળ - બંને રાજ્યોનાં જોવા જેવા સ્થળોને એક જ પ્રવાસમાં સમાવી શકાય. આ વિચાર જ મારા મનમાં એક નવી ઊર્જા લઈને આવ્યો.

આ પછી બધું ખૂબ જ ઝડપથી બનવા લાગ્યું. મુસાફરી શરૂ કરવાના દસ દિવસ પહેલાં જ મેં ટિકિટ બુકિંગ અને આખો રૂટ તૈયાર કરી દીધો. આ નિર્ણય કદાચ અચાનક લેવાયો હતો પરંતુ દિલમાં એક અલગ જ ઉત્સાહ હતો - એક નવી સફર શરૂ કરવાની ખુશી. આ પ્રવાસ પાછળ એક જ ભાવ હતો - મારે મારા દેશને વધુ નજીકથી ઓળખવો હતો. દક્ષિણ ભારતને પહેલીવાર જોવા જવાની ઉત્સુકતા હતી.

અને આ રીતે મારી દક્ષિણ ભારતની પહેલી સોલો ટ્રિપની શરૂઆત થઈ - એક એવી સફર, જે માત્ર પ્રવાસ નહોતો, પરંતુ મારા જીવનની એક નવી કહાની બનવા જઈ રહ્યો હતો.

# 4. અમદાવાદથી લાંબી ટ્રેન મુસાફરી

મારી દક્ષિણ ભારતની સફરનો એક ખૂબ જ યાદગાર ભાગ હતો મારી લાંબી ટ્રેન મુસાફરી. મેં અમદાવાદથી મદુરાઈ જવા માટે ટ્રેન બુક કરી હતી. આ મારી ભારતની પહેલી લાંબી સોલો ટ્રિપ હતી. અમેરિકામાં મેં ઘણી સોલો ટ્રિપ કરી હતી, તેથી આ વખતે કોઈ ખાસ ડર નહોતો - પરંતુ એક અલગ જ આત્મવિશ્વાસ અને ઉત્સાહ ઝલકતો હતો.

મારે ભારતને વધુ નજીકથી ઓળખવું હતું. અલગ અલગ લોકો, તેમની ભાષા, તેમની જીવનશૈલી આ બધું અનુભવવાની મને ખૂબ જ ઈચ્છા હતી. અને આ ટ્રેન મુસાફરીએ મને એ બધું નજીકથી જોવા અને સમજવાની તક આપી. મારી ટ્રેન મુસાફરી લગભગ ૩૨ કલાકની હતી. આ લાંબી સફરમાં મને અલગ અલગ પ્રદેશના લોકો મળ્યા, અને દરેક મુલાકાત પોતે એક નવી કહાની જેવી લાગી.

શરૂઆતમાં મને એક અંકલ મળ્યા, જે બેંગલુરુના હતા અને તેમને તેમનો પોતાનો વ્યવસાય હતો. તેમની સાથે બસ એટલી જ વાતચીત થઇ અને મુસાફરીનો આરંભ શરૂ થયો.

થોડા સમય પછી મારી સામેની સીટમાં એક પરિવાર આવીને બેઠો હતો - એક આન્ટી અને તેમના બે નાના દીકરા. એક તો ખૂબ નાનો હતો અને બીજો પાંચમા ધોરણમાં ભણતો હતો.

બાળકો સાથે સમય પસાર કરવો એ ખરેખર ખૂબ મજેદાર હોય છે. અમે ઘણી પ્રશ્નોત્તરીની રમતો રમી, બીજી અલગ રમતો પણ રમ્યા અને વાતો કરી. ટ્રેનમાં આ રીતે સમય પસાર થતો રહ્યો હતો.

રાત લાંબી હતી, પરંતુ વાતો અને રમતો વચ્ચે સમય ક્યારે પસાર થઈ ગયો તે ખબર જ નહોતી પડી. બીજા દિવસે સવારે મારી મુલાકાત એક યુવતી સાથે થઈ. તે પણ સોલો ટ્રાવેલ કરી રહી હતી, પરંતુ તે પોતાની મિત્રના લગ્નમાં જઈ રહી હતી. તે મારા કરતાં બે-ત્રણ વર્ષ નાની હતી. અમારી વચ્ચે મુસાફરી વિશે ખૂબ જ રસપ્રદ વાતચીત થઈ. અમે બંનેએ ખુદના પ્રવાસના અનુભવોની આપલે કરી અને ચાલી રહેલી મુસાફરી વિશે વાત કરી. એને મને કહ્યું કે એ સ્પષ્ટ છે કે એને લગ્ન નથી કરવા. તેથી એ પ્રવાસને તેની જીવનનો એક હિસ્સો બનાવી દેવાં માંગતી હતી, એકલા જીવન જીવવા માટે એક સારી પ્રવૃતિ મળી રહે. તે બાઇક રાઇડર્સ પણ છે. તો અમે લદાખ ના પ્લાનના સપના સેવ્યાં. પછી અમે સોશિયલ મીડિયા શેર કર્યું જેથી ભવિષ્યમાં કોઈ પ્લાન બને તો અમે એકબીજાને જણાવી શકીએ. અમે હજુ સુધી એક બીજાના સંપર્કમાં છીએ. અંતમાં એને મને કેરળ વિષેની થોડી મજેદાર વાતો કરી. થોડા સમય પછી તેનું સ્ટેશન આવી ગયું અને તે પોતાની સફર તરફ આગળ વધી ગઈ.

મારી બાજુની સીટમાં એક દક્ષિણ ભારતીય પરિવાર ક્યારનો આવીને બેઠો હતો. પણ હજુ સુધી અમારી કોઈ વાત થઈ નહોતી. પણ સાંજ પડતાં આન્ટી જોડે વાત થવાની શરૂઆત થઈ. આ મારી મુસાફરીનો ખૂબ જ રસપ્રદ ભાગ હતો. આન્ટી ખૂબ જ મૈત્રીપૂર્ણ સ્વભાવના હતા અને તેઓ મારી સાથે વાત કરવા માટે ખૂબ ઉત્સુક હતા. અમે ભારતના અલગ અલગ ભાગો, અમેરિકા અને મુસાફરી વિશે ઘણી વાતો કરી. પછી અમારી ચર્ચા ખાસ કરીને દક્ષિણ ભારત વિશે શરૂ થઈ.

તે આન્ટી રામેશ્વરમની આસપાસના વિસ્તારમાં રહેતા હતા, તેથી તેમણે મને મદુરાઈમાં ક્યાં ફરવું અને કયો નવો અનુભવ કરવો એ વિશે ઘણી સરસ માહિતી આપી. તેમણે ખાસ કરીને મને મદુરાઈમાં પ્રસિદ્ધ "જિગરથંડા" (દક્ષિણ ભારતનું ફેમસ પીણું) પીવાનું સૂચન કર્યું. ઉપરાંત દક્ષિણ ભારતીય થાળી ખાવાનું પણ કહ્યું અને કેટલાક સારા રેસ્ટોરન્ટ્સ વિશે પણ જણાવ્યું. તેમણે સિલ્ક સાડી માટે પ્રખ્યાત બજાર વિશે પણ માહિતી આપી. આ વાતચીત દરમિયાન અમે દક્ષિણ ભારતીય સંસ્કૃતિ, મંદિરો અને ખાસ કરીને તમિલનાડુના આધ્યાત્મિક મહત્વ વિશે પણ ચર્ચાઓ કરી. તેમણે મને ઘણા પ્રસિદ્ધ મંદિરો વિશે કહ્યું અને કેટલીક રસપ્રદ કથાઓ પણ જણાવી.

ટ્રેનમાં થયેલી વાતચીત દરમિયાન આન્ટીએ મને એક રસપ્રદ પ્રશ્ન પૂછ્યો. તેઓ થોડું આશ્ચર્યથી મારી તરફ જોઈને બોલ્યા: "ભારતમાં તો સામાન્ય રીતે માતા-પિતા દીકરીને એકલી

મુસાફરી કરવા સરળતાથી પરવાનગી આપતા નથી, પણ હવે કેટલાક માતા-પિતા ખુલ્લા વિચારના હોય છે, તેઓ પરવાનગી આપી દે છે. પરંતુ એકલા ફરવું એ પણ હિંમતની વાત છે. તો તું આટલી હિંમત કેવી રીતે લાવી અને એકલી મુસાફરીની હિંમત ક્યાંથી મળી?"

તેમનો પ્રશ્ન સાંભળીને મે થોડું સ્મિત કર્યું. કારણ કે આ પ્રશ્ન મને ઘણી વખત ઘણા લોકોએ પૂછ્યો છે. મેં તેમને કહ્યું કે હિંમત એક દિવસમાં નથી આવતી. શરૂઆતમાં મને પણ થોડો ડર લાગતો હતો. જ્યારે મેં પહેલી વાર સોલો ટ્રાવેલ કરી, ત્યારે મનમાં ઘણા પ્રશ્નો હતા - શું બધું સારી રીતે થશે? રસ્તો મળી જશે? લોકો કેવા હશે? પરંતુ ધીમે ધીમે અનુભવ સાથે આત્મવિશ્વાસ વધતો ગયો. મેં તેમને કહ્યું કે જ્યારે આપણે નવી જગ્યાઓએ જઈએ, નવા લોકોને મળીએ અને પોતે નિર્ણયો લઈએ, ત્યારે અંદરથી એક નવી શક્તિ જન્મે છે. મુસાફરી માણસને માત્ર દુનિયા નહીં, પરંતુ પોતાને પણ ઓળખવામાં મદદ કરે છે.

મેં તેમને જણાવ્યું કે મારા પિતાને શરૂઆતમાં થોડીક ચિંતા થતી હતી, પરંતુ જ્યારે તેમણે જોયું કે હું સાવચેતી રાખીને મુસાફરી કરું છું, બધું સારી રીતે મેનેજ કરું છું, ત્યારે તેમનો વિશ્વાસ પણ વધ્યો. એ પછી એમને મને એક પણ પ્રવાસ માટે ના કહી નથી. મે આન્ટીને કહ્યું કે સોલો ટ્રાવેલ માત્ર હિંમત વિશે નથી, પરંતુ તૈયારી, સમજદારી અને પોતાના પર વિશ્વાસ

વિશે છે. જ્યારે આપણે દિલથી કંઈક જોવા અને અનુભવવાની ઈચ્છા રાખીએ, ત્યારે રસ્તા પોતે જ સરળ બનતા જાય છે. મારી વાત સાંભળીને આન્ટી થોડું સ્મિત આપ્યું અને કહ્યું, "ખરેખર, તું બહુ હિંમતવાળી છે. મોટાભાગના વ્યક્તિઓ માટે આવું કરવું સરળ નથી."

સાચેજ, મુસાફરી દરમિયાન લોકો સાથે વાતચીત કરવાથી કેટલું શીખવા મળે છે. અલગ વિચારો, અલગ અનુભવ - આ બધું મુસાફરીને વધુ સમૃધ્ધ બનાવે છે. આ રીતે મુસાફરી કરવાથી આત્મવિશ્વાસ પણ વધે છે અને લોકો સાથે જોડાવાની એક નવી સમજણ પણ વિકસે છે.

મને ટ્રેનમાં નીચેની સીટ મળી હતી. તેથી હું બારી પાસે બેસીને બહારના સુંદર દૃશ્યો સરળતાથી જોઈ શકતી હતી. જ્યારે ટ્રેન તમિલનાડુમાં પ્રવેશી, ત્યારે બહારના દૃશ્યોમાં એક અલગ જ સૌંદર્ય જોવા મળ્યું - હરિયાળી, ગામડાં અને બદલાતું વાતાવરણ. મને એક ખાસ વાત પણ ધ્યાનમાં આવી - દક્ષિણ ભારતના બધા રેલવેસ્ટેશનો ખૂબ સ્વચ્છ અને વ્યવસ્થિત હતા. પ્લેટફોર્મ પર એક શાંતિ અને વ્યવસ્થા દેખાતી હતી, જે મને ખૂબ ગમી.

ભોજન માટે હું મારી સાથે ઘરેથી ગુજરાતી ખાવાનું લઈને આવી હતી - થેપલા અને ખાખરા. સાંજે તે દક્ષિણ ભારતીય આન્ટીએ મને શાક ખાવા આપ્યુ. તેથી મેં મારા થેપલા અને શાક ખાધ્યા - મને મજ્જા આવી ગઈ...!

આ લાંબા પ્રવાસ દરમિયાન મેં માત્ર સહપ્રવાસી સાથે વાતો જ નહોતી કરી, પરંતુ મને મારા માટે પણ સમય મળ્યો. તે સમયમાં મેં નવલકથા વાંચી. આ ઉપરાંત મેં મારા વિચારો જર્નલમાં લખ્યા અને બહારના દૃશ્યોને શાંતિથી નિહાળ્યા. આ રીતે ૩૨ કલાકની મુસાફરી ક્યારે પૂરી થઇ ગઈ તે મને ખબર જ નહોતી પડી. અંતે ટ્રેન મદુરાઈ રેલવે સ્ટેશન પર આવી પહોંચી.

રાત્રે લગભગ ૧૦:૧૫ વાગ્યા હતા. ટ્રેન સમયસર પહોંચી હતી. હું સ્ટેશનની બહાર નીકળી. મેં ગૂગલ મેપ પર જોયું હતું કે મારી હોટેલ સ્ટેશનથી લગભગ પાંચથી દસ મિનિટના અંતરે હતું. હું ચાલીને જવાની વિચારણા કરી રહી હતી, પરંતુ પહેલા ખાતરી કરવા માટે મેં બે-ત્રણ રિક્ષાવાળાને રસ્તો પૂછ્યો. પરંતુ અહીં એક નવો અનુભવ થયો, તેઓને અંગ્રેજી કે હિન્દી સારી રીતે આવડતી નહોતી અને મને તમિલ આવડતું નહોતું. આ રીતે ભાષાનો નાનો અવરોધ મારા પ્રવાસમાં એક રસપ્રદ અનુભવ શરૂ થયો. એ પછી હું ચાલતી ચાલતી હોટેલ સુધી પહોંચી ગઈ. ત્યાં ચેક-ઇન કર્યું.

હવે સાચી સફર શરૂ થવાની હતી - કારણ કે બીજા દિવસે સવારથી હું મદુરાઈને નજીકથી જોવા નીકળવાની હતી.

# 5. મદુરાઈ – દક્ષિણ ભારતનો પ્રથમ અનુભવ

સવારનો સમય હતો. મદુરાઈમાં મારી પહેલી સવાર. એક નવા શહેરમાં, નવી ઊર્જા સાથે મારી મુસાફરીનો દિવસ શરૂ થયો. હું જ્યાં રોકાઈ હતી તે હોટેલથી થોડા જ અંતરે આવેલું પ્રસિદ્ધ મંદિર "મીનાક્ષી અમ્મન મંદિર" જે મારી સફરની પહેલી મુલાકાત બનવાનું હતું.

હું ચાલતી ચાલતી મંદિર તરફ આગળ વધી રહી હતી. રસ્તા પરનો માહોલ ખૂબ જીવંત હતો. દુકાનોમાં પૂજાની સામગ્રી, ભક્તોની અવરજવર, અને મંદિર તરફ જતા લોકોના ચહેરા પરની શ્રધ્ધા. થોડા જ સમયમાં હું મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પાસે પહોંચી ગઈ. મંદિર પર પહેલી નજર પડતા જ હું થોડા સમય માટે થંભી ગઈ. સામે ઊભેલું વિશાળ અને રંગબેરંગી ગોપુરમ - એટલી સુંદર કોતરણી અને શિલ્પકામ હતું કે તમે તેને નિહારતા રહો. મેં અત્યાર સુધી ઘણા મંદિરો જોયા હતા પરંતુ અહીંનું ગોપુરમ બહુ જ સુંદર હતું કે જાણે કલા અને આસ્થાનો જીવંત સંગમ.

પરંતુ ત્યાં ભીડ પણ ખૂબ જ હતી. લાંબી લાઈન જોઈને સમજાઈ ગયું કે દર્શન માટે ઘણો સમય લાગવાનો છે. તેથી મેં ૧૦૦ રૂપિયાની સ્પેશિયલ ટિકિટ લઈને ખાસ કતારમાં જવાનું

નક્કી કર્યું. છતાં પણ ભીડ એટલી હતી કે લગભગ ત્રણ કલાક રાહ જોવી પડી. લાંબી રાહ પછી જ્યારે દર્શનનો સમય આવ્યો, ત્યારે તે અનુભવ અદભૂત હતો. મંદિરની અંદરની શાંતિ, ભક્તિ અને ઊર્જા એ બધું મનને સ્પર્શી ગયું. દર્શન કર્યા પછી મેં થોડો સમય મંદિરના પ્રાંગણમાં વિતાવ્યો અને આસપાસના વિસ્તારોને શાંતિથી નિહાળ્યા. મારી શ્રધ્ધા અહીં જીવતી - જાગતી મારી સાથે હતી.

મદુરાઈનું હૃદય કહેવાતું આ મંદિર માત્ર પ્રાર્થનાનું સ્થાન નથી પરંતુ દક્ષિણ ભારતની આસ્થા, ઇતિહાસ અને કથાઓનો જીવંત વારસો છે. મંદિર સાથે જોડાયેલી એક અદભુત કથા છે. કહેવામાં આવે છે કે પ્રાચીન સમયમાં મદુરાઈ પર રાજા મલયધ્વજ પાંડ્ય અને રાણી કાંચનમલાનું શાસન હતું. બંને ખૂબ ધાર્મિક અને પ્રજાપ્રેમી હતા, પરંતુ તેમને સંતાન ન હતું. વર્ષો સુધી પ્રાર્થના અને યજ્ઞ કર્યા પછી દેવતાઓની કૃપાથી તેમને એક પુત્રીનો જન્મ થયો. આ પુત્રી સામાન્ય બાળક જેવી નહોતી. કહેવાય છે કે તેના જન્મ સમયે તેને ત્રણ સ્તન હતા અને તે જન્મથી જ દિવ્ય તેજ અને અસાધારણ શક્તિ ધરાવતી હતી. ત્યારે આકાશવાણી થઈ કે જ્યારે આ બાળા પોતાના જીવનસાથીને મળશે, ત્યારે તેનો ત્રીજો સ્તન આપોઆપ અદૃશ્ય થઇ જશે. આ બાળાનું નામ રાખવામાં આવ્યું મીનાક્ષી - "મીન" એટલે માછલી અને "અક્ષી" એટલે આંખો, એટલે માછલી જેવી સુંદર આંખો ધરાવતી દેવી. મીનાક્ષી બાળપણથી જ બહાદુર અને શક્તિશાળી હતી. મોટી થતાં

તેમણે રાજ્યનું શાસન સંભાળ્યું અને અનેક યુધ્ધોમાં વિજય મેળવ્યો. એક વખત વિશ્વ વિજય માટે નીકળેલી મીનાક્ષી જ્યારે કૈલાસ પર પહોંચી, ત્યારે તેમની મુલાકાત ભગવાન શિવ સાથે થઈ. તે ક્ષણે જ આકાશવાણી મુજબ તેમનો ત્રીજો સ્તન અદૃશ્ય થઈ ગયો. ત્યારે સમજાયું કે ભગવાન શિવ જ તેમના જીવનસાથી છે. ત્યારબાદ ભગવાન શિવ સુંદરેશ્વર સ્વરૂપ ધારણ કરીને મદુરાઈ આવ્યા અને મીનાક્ષી દેવી સાથે તેમનો દિવ્ય વિવાહ થયો. આ લગ્ન મદુરાઈના ઇતિહાસમાં સૌથી ભવ્ય અને પવિત્ર પ્રસંગ માનવામાં આવે છે, અને આજે પણ દર વર્ષે અહીં મીનાક્ષી-સુંદરેશ્વર તિરુકલ્યાણમ નામનો વિશાળ ઉત્સવ ઉજવવામાં આવે છે. મંદિરની રચના પણ આ સમગ્ર કથાને જીવંત બનાવે છે. અહીં દેવી મીનાક્ષી અને ભગવાન સુંદરેશ્વરના અલગ-અલગ મંદિરો છે, અને આખું મંદિર પરિસર - ભક્તિ, કલા અને દક્ષિણ ભારતીય સ્થાપત્યનું અદભુત ઉદાહરણ છે.

બપોરનો સમય થવા લાગ્યો હતો. મને દક્ષિણ ભારતીય ભોજનનો સાચો અનુભવ કરવો હતો. તેથી હું નજીકના એક રેસ્ટોરન્ટ - Temple View City - માં લંચ માટે ગઈ. અહીં પણ એક રસપ્રદ અનુભવ મળ્યો. મેનેજરને અંગ્રેજી કે હિન્દી આવડતું નહોતું અને મને તમિલ. પરંતુ તેમણે એક બેનને બોલાવ્યા જે મારી સાથે હિન્દીમાં વાત કરી શકે. મેં કહ્યું કે મને “સાધ ભોજન” ખાવું છે - દક્ષિણ ભારતની પરંપરાગત થાળી. થોડી જ વારમાં મારી સામે મોટી થાળી આવી - ભાત, વિવિધ

પ્રકારની દાળ, ત્રણ અલગ અલગ શાક, રસમ, દહીં, મીઠાઈ અને પાપડ. મેનેજરે મને બતાવ્યું કે દક્ષિણ ભારતીય ભોજન કેવી રીતે ક્રમ પ્રમાણે ખાવું. એ અનુભવ ખૂબ જ ખાસ હતો અને ભોજન બહુ સ્વાદિષ્ટ હતું.

લંચ પછી હું ફરી બહાર નીકળી અને મારી આગળની મુલાકાત માટે તૈયાર થઈ. હવે હું પહોંચી એક ઐતિહાસિક મહેલ "થિરુમલાઈ નાયક મહેલ" જોવા માટે. અહીં જવા માટે મેં બસ ટૂરમાં ટિકિટ બૂક કરાવી હતી. અહીં મારી મુલાકાત ફરી એક નવા પરિવાર સાથે થઈ. એક આન્ટી અને તેમના બે જીજા પ્રવાસમાં આવ્યા હતા. અમે વાતો શરૂ કરી અને થોડા સમયમાં જ અમારી સારી ઓળખાણ થઈ ગઈ. તેઓ ઉત્તરપ્રદેશથી આવ્યા હતા, તેથી અમારી હિન્દીમાં વાતચીત શરૂ થઈ ગઈ અને સાથે મને ઉત્તરપ્રદેશનો લહેકો સાંભળવામાં મજા આવી રહી હતી. તેઓએ પોતાના જીવનની ઘણી રસપ્રદ વાતો મને કરી.

એમની સાથે વાત કરતા કરતા ખબર પડી કે એ ત્રણેના જીવનસાથી હવે આ દુનિયામાં રહ્યા નહોતા. કદાચ એ ખાલીપણું જ એમને એકબીજાની કંપની બનાવીને દુનિયા ફરવા માટે બહાર કાઢી લાવ્યું હતું. આ વાત સાંભળીને મારા મનમાં થોડું દુઃખ તો થયું પણ સાથે અજાણી ખુશી થઈ. જીવન ક્યારેક દુઃખ આપ્યા પછી પણ માણસને ફરી જીવવાની નવી રીત શીખવી જતો હોય છે.

સૌથી રસપ્રદ વાત તો એ હતી કે તેઓ કોઈ મોટો કે લાંબો પ્લાન બનાવીને નીકળ્યા જ નહોતા. એમને પોતાને પણ ખબર નહોતી કે આગળ કેટલો લાંબો પ્રવાસ કરશે. એમનો નિયમ બહુ સરળ હતો - માત્ર બે કે ત્રણ દિવસનો પ્લાન બનાવવો, પછી જ્યાં પહોંચે ત્યાં બેસીને આગળનો રસ્તો નક્કી કરવો. તેઓ પોતાના દીકરા-દીકરીને ફોન કરીને કહેતા, અને પછી તે આગળનું બુકિંગ કરી આપતા.

આટલી ઉંમરે પણ આ રીતે નિર્ભય થઈને દુનિયા ફરતા લોકો જોઈને મને અંદરથી ખૂબ આનંદ થયો. ખરેખર કહું તો, કોઈપણ ઉંમરનો માણસ - ચાહે બાળક હોય કે વડીલ - પ્રવાસે નીકળે છે એ સાંભળું ત્યારે મને એક અલગ જ ખુશી અનુભવાય છે.

મને એક ઘટના યાદ આવી. હું અમેરિકાના બાલ્ટીમોર શહેરમાં મારા પપ્પાના મિત્રના દીકરાને મળી હતી. વાતો દરમિયાન ખબર પડી કે તેમની દીકરી માત્ર ૧૩ વર્ષની છે, અને તે જર્મનીમાં સોલો બેકપેકિંગ અને કેમ્પિંગ માટે ગઈ હતી. એ સાંભળીને હું થોડી ક્ષણ માટે આશ્ચર્યચકિત થઈ હતી પણ સાથે ખૂબ ખુશી પણ થઈ. સાચે જ આવા માતા-પિતા મળવા ભાગ્યની વાત છે. તેમનું ધ્યાન ફક્ત શિક્ષણ સુધી સીમિત નથી; તેઓ પોતાના બાળકને દુનિયા જોવા, અનુભવ મેળવવા અને જીવનને નજીકથી સમજવાની તક પણ આપે છે. મને લાગે છે કે પ્રવાસ માત્ર સ્થળો બતાવતું નથી, તે માણસો,

તેમની વાર્તાઓ અને જીવનની નવી સમજણ સાથે પણ આપણો પરિચય કરાવે છે. અને કદાચ એ જ કારણ છે કે મુસાફરી દરમિયાન મળતી આવી નાની-નાની મુલાકાતો આપણને ઘણું બધું શીખવાડી જાય છે.

હવે પાછા ફરવાની જગ્યા પર આવી એ થિરુમલાઈ નાયક મહેલ ખરેખર અદ્ભુત લાગ્યો. ૧૭મી સદીમાં રાજા થિરુમલાઈ નાયક દ્વારા બનાવાયેલો આ મહેલ તેના વિશાળ થાંભલા, ભવ્ય આંગણું અને સુંદર આર્કિટેક માટે જાણીતો છે. ત્યાં ઊભા રહીને એવું લાગતું હતું કે જાણે આપણે ઇતિહાસના કોઈ અધ્યાયમાં પ્રવેશી ગયા હોઈએ.

પરંતુ મદુરાઈમાં જે સ્થાન મને સૌથી વધુ સ્પર્શી ગયું તે હતું - અળગર કોયિલ. પહાડીઓની વચ્ચે આવેલું આ મંદિર ભગવાન વિષ્ણુને સમર્પિત છે. અહીં પહોંચતા જ કુદરતી સૌંદર્ય અને શાંતિનો અનુભવ થયો. મંદિરનું ગોપુરમ અને આસપાસનું હરિયાળું વાતાવરણ ખરેખર મનમોહક છે.

આ પછી અમે વધુ કેટલાક મંદિરોની મુલાકાત લીધી - પઝમુધીર સોલાઈ મંદિર, અને મુરુગન મંદિર. દરેક મંદિરનો અનુભવ અલગ અને અનોખો હતો. ખાસ કરીને પઝમુધીર સોલાઈ મંદિરમાં જ્યારે અમે પહોંચ્યા ત્યારે આરતીનો સમય હતો. સંગીતના મધુર સ્વર, નગારા ના અવાજ, વાંસળીની મીઠી ધૂન અને ભક્તિથી ભરેલો માહોલ બધું મળીને એ ક્ષણને એક અદભૂત અને દિવ્ય અનુભવ બનાવી રહ્યું હતું. એ ક્ષણે

એવું લાગ્યું કે અમે ખરેખર ખૂબ નસીબદાર છીએ કે આ અનુભવ મળ્યો. મુરુગન મંદિરમાં પણ એક ખાસ આધ્યાત્મિક વાતાવરણ અનુભવાયું. ત્યાં કોઈ આધ્યામિક પ્રસંગ ચાલી રહ્યો હતો એ શું હતું એ સમજ ના પડી પણ ત્યાં ગજબની ઊર્જા હતી તે દિલને સ્પર્શી ગઈ.

મને મદુરાઈ વિશે એક ખાસ વાત ખૂબ ગમી - આ શહેર જીવંત છે. અહીં લોકોની ચહલપહલ સતત જોવા મળે છે. અહીંનું જીવન રાત્રે પણ ચાલુ રહે છે. તેથી જ ઘણા લોકો મદુરાઈને "નાઇટ સિટી" પણ કહે છે. મોડીરાત સુધી અહીં ખાવા-પીવાની જગ્યાઓ, બજારો અને લોકોની અવરજવર ચાલુ રહે છે.

આ રીતે મદુરાઈમાં પસાર કરેલો મારો પહેલો દિવસ મારા માટે ખૂબ જ યાદગાર બન્યો. દક્ષિણ ભારત સાથેનો આ પહેલો નજીકનો અનુભવ હતો - જેમાં ભક્તિ, સંસ્કૃતિ, ઇતિહાસ અને લોકોની ઉષ્મા - બધું એકસાથે અનુભવવા મળ્યું હતું.

# 6. રામેશ્વરમ – દરિયો અને આધ્યાત્મિકતા

મદુરાઈનો દિવસ પૂરો કર્યા પછી હવે મારી આગળની સફર શરૂ થવાની હતી - દરિયા અને આધ્યાત્મિકતા માટે પ્રસિધ્ધ રામેશ્વરમ તરફ. સવારે હું બસ સ્ટેન્ડ પર પહોંચી. અહીંથી રામેશ્વરમ જવા માટે સીધી બસ મળતી નહોતી, એટલે પહેલા મને એક બીજા બસ સ્ટેન્ડ સુધી જવાનું હતું. શરૂઆતમાં થોડી ગૂંચવણ થઈ, કારણ કે બધે જ તમિલ ભાષામાં બોર્ડ હતા અને મને સમજવામાં મુશ્કેલ પડી રહી હતી. એ સમયે એક અંકલ મળ્યા જેમને અંગ્રેજી આવડતું હતું. તેમણે મને બસનો નંબર સમજાવ્યો અને કહ્યું કે આ બસ તમને યોગ્ય બસ સ્ટેન્ડ સુધી પહોંચાડશે. મુસાફરીમાં આવા નાના સહયોગો મનને ખૂબ સ્પર્શી જાય છે.

આ રીતે હું મદુરાઈના બસ સ્ટેન્ડથી બીજા બસ સ્ટેન્ડ પર પહોંચી અને ત્યાંથી રામેશ્વરમ જતી બસ પકડી. મદુરાઈથી રામેશ્વરમ સુધીની સફર લગભગ ત્રણથી સાડા ત્રણ કલાકની હતી. બસ આગળ વધતી હતી અને બારીની બહાર દેખાતા દ્રશ્યો ધીમે ધીમે બદલાતાં જતાં હતાં - લીલાછમ ખેતરો, ઊંચા નાળિયેરના ઝાડ, પામના વૃક્ષો અને ક્યારેક દૂર સુધી ફેલાયેલા કેળના બાગ. દક્ષિણ ભારતની પ્રકૃતિમાં એક અલગ જ શાંતિ અને સૌંદર્ય છે, જે મુસાફરીને ખૂબ સુખદ બનાવે છે.

જ્યારે રામેશ્વરમ તરફ આગળ વધી રહ્યા હતા, ત્યારે એક ક્ષણે દ્રશ્ય અચાનક બદલાઈ ગયું. સામે દૂર સુધી ફેલાયેલો દરિયો દેખાવા લાગ્યો - નિલા રંગનો, એટલો સ્વચ્છ અને ચમકતો કે શબ્દોમાં વર્ણવવું મુશ્કેલ લાગે. તે ક્ષણ ખરેખર જાદૂ જેવી હતી. બસ હવે ધીમે ધીમે પ્રખ્યાત પંબન બ્રિજ તરફ આગળ વધી રહી હતી. આ પુલ પરથી પસાર થતી વખતે બંને બાજુ ફેલાયેલો દરિયો જોઈને હું થોડા સમય માટે મંત્રમુગ્ધ થઇ ગઈ. ઓપન થતો રેલવે બ્રિજ પણ દેખાતો હતો - ભારતનો ઐતિહાસિક સમુદ્ર પુલ, જે દરિયા વચ્ચે એક અનોખું દ્રશ્ય સર્જે છે.

થોડા સમય પછી હું રામેશ્વરમ પહોંચી ગઈ. અહીં પહોંચ્યા પછી શરૂઆતમાં થોડો પડકાર અનુભવાયો. ઘણા લોકોને અમને એકબીજાની ભાષા આવડતી નહોતી તેથી વાતચીત કરવી થોડી મુશ્કેલ બની ગઈ. ક્યારેક તો એવું પણ લાગ્યું કે ભાષા ન આવડવાને કારણે લોકો વાત કરવા પણ ઇચ્છતા નથી. આ અનુભવ થોડો અસ્વીકાર્ય લાગ્યો, પરંતુ મુસાફરીમાં આવા અનુભવ પણ આપણને ઘણું શીખવી જાય છે - ધીરજ, સમજ અને નવા સ્થળને સ્વીકારવાની ક્ષમતા.

રિક્ષાનું ભાડું અહીં ઘણું વધારે લાગ્યું, હોટેલ બસસ્ટેશનથી નજીક જ હતી તેથી મેં ચાલીને જ હોટેલ સુધી પહોંચવાનું નક્કી કર્યું. હોટેલ પર પહોંચ્યા પછી થોડો આરામ કર્યો અને પછી વિચાર્યું કે અહીંનું સૌથી ખાસ સ્થળ 'ધનુષ્કોડી' જોઈ આવવું

જોઈએ. મારા પાસે માત્ર બે દિવસ હતા એટલે સમયનો સારી રીતે ઉપયોગ કરવો જરૂરી હતો.

હું ધનુષ્કોડી જવા માટે બસ સ્ટોપ શોધી રહી હતી. અહીં બસ સ્ટોપ શોધવું થોડુંક મુશ્કેલ હતું, કારણ કે ક્યાંય બોર્ડ અને માહિતી જ નહતી. ઘણા લોકોને પૂછ્યા પછી સાચી બસ અને બસ સ્ટોપ વિશે માહિતી મળી. લગભગ એક કલાક સુધી હું બસની રાહ જોતી રહી, કારણ કે ઓટોવાળા ધનુષ્કોડી માટે બે હજારથી ત્રણ હજાર રૂપિયા માંગતા હતા, જે મને એક જણ માટે યોગ્ય લાગતું નહોતું. અંતે બસ આવી અને હું ધીમે ધીમે ધનુષ્કોડી તરફ આગળ વધી. રસ્તો એટલો સુંદર હતો કે નજર બારીમાંથી હટતી નહોતી. બંને બાજુ દરિયો - એક બાજુ ભારતીય મહાસાગર અને બીજી બાજુ બંગાળની ખાડી. રસ્તો જાણે પાણી વચ્ચેથી પસાર થતો હોય એવું લાગતું હતું. થોડા સમયમાં હું ધનુષ્કોડી પહોંચી ગઈ.

ધનુષ્કોડી વિશે મેં સાંભળ્યું હતું કે એક સમયે અહીં સુંદર શહેર હતું, પરંતુ ૧૯૬૪ ના વાવાઝોડા અને સુનામી પછી આ વિસ્તાર લગભગ ખંડેર બની ગયો. તે આજે ઘોસ્ટ ટાઉન તરીકે ઓળખાય છે. સાંજે ૬-૭ વાગ્યા પછી ત્યાં રહેવું હિતાવહ નથી. આજે પણ ત્યાં જૂના ચર્ચ અને તૂટી ગયેલી ઇમારતોના અવશેષ જોવા મળે છે, જે ઇતિહાસની એક શાંત યાદ તરીકે ઊભા છે. રસ્તા પર શંખ અને છીપલાં વેચતી નાની દુકાનો પણ હતી. અહીંથી હું આગળ રામસેતુ પોઇન્ટ સુધી ગઈ.

દરિયો અહીં કંઈક અલગ જ લાગતો હતો - પાણીનો રંગ અદભુત, અને આસપાસનું વાતાવરણ ખૂબ સુંદર અને શાંત. ઘણા લોકો પાણીમાં ઉતરી રહ્યા હતા, તો મેં પણ થોડું આગળ જઈને પાણીનો સ્પર્શ અનુભવ્યો. તે ક્ષણ ખૂબ ખાસ લાગી - દરિયો, પવન અને આસપાસનો અનોખો માહોલ.

પાછા ફરતી વખતે બસમાં બેઠી ત્યારે સૂર્યાસ્ત થવા લાગ્યો હતો. પાણી પર પડતો સૂર્યનો સોનેરી પ્રકાશ, દૂર દેખાતી બોટ્સ અને શાંત દરિયો - એ દ્રશ્ય મારા માટે આખી મુસાફરીની સૌથી સુંદર યાદોમાંનો એક બની રહ્યો.

રામેશ્વરમ પરત ફરતી વખતે બસમાં મારી મુલાકાત વડોદરાથી આવેલા એક પરિવાર સાથે થઈ. તેમની સાથે વાતો કરતાં કરતાં અમે થોડો સમય રામેશ્વરમમાં પણ ફર્યા. પછી હું મારી હોટલ પરત થઈ.

તે દિવસના અંતે મને લાગ્યું કે રામેશ્વરમ માત્ર એક પ્રવાસસ્થળ નથી. તે દરિયો, ઇતિહાસ અને આધ્યાત્મિકતાનો એક અનોખો અનુભવ છે.

રામેશ્વરમમાં મારા બીજા દિવસની સવાર થોડીક ખાસ હતી. હું વહેલી સવારે જાગી ગઈ. મનમાં એક વિચાર હતો કે આ પવિત્ર સ્થળે આવી છું તો અહીંના આધ્યાત્મિક વિધિનો અનુભવ જરૂર કરવો જોઈએ. સૂર્ય હજી સંપૂર્ણ રીતે ઊગ્યો પણ નહોતો. હું મંદિર તરફ નીકળી. મંદિર પહોંચતાં પહેલાં જ

દરિયા કિનારે આવેલું પવિત્ર સ્થળ - અગ્ની તીર્થમ - મારી પહેલી મુલાકાત બન્યું. અહીં ઘણા ભક્તો દરિયામાં સ્નાન કરતા હતા. માન્યતા એવી છે કે અગ્ની તીર્થમમાં સ્નાન કરવાથી પાપો ધોવાઈ જાય છે અને મન શુદ્ધ બને છે. હું પણ દરિયાના પાણીમાં પગ ડૂબાડી આવી. પાણી ઠંડું, અને શાંત લાગતું હતું.

અહીં ૨૨ પવિત્ર કુંડોમાં સ્નાન કરવાની એક વિશેષ પરંપરા છે. આ તમામ ૨૨ તીર્થમ દરેક પોતાની અલગ માન્યતા અને આધ્યાત્મિક મહત્ત્વ ધરાવે છે. કહેવાય છે કે દરેક કુંડનું પાણી અલગ-અલગ સ્ત્રોતમાંથી આવે છે, અને દરેક કુંડ પાસે તેના નામ પણ લખેલા છે. કેટલાક લોકો તો એ પણ માને છે કે આ પાણીમાં ત્વચા માટે ઔષધીય ગુણધર્મો છે.

જ્યારે હું ત્યાં પહોંચી, ત્યારે મેં જોયું કે આ પવિત્ર સ્નાન માટે ઘણા લોકો આવ્યા હતા અને તેના માટે લાંબી લાઇન લાગી હતી. પાણી ખૂબ જ સ્વચ્છ અને ઠંડું લાગતું હતું.

મને અંદરથી એક જિજ્ઞાસા જાગી, એટલે મેં ત્યાંના એક વ્યક્તિને પૂછ્યું કે આ કુંડોમાં પાણી ક્યાંથી આવે છે. તેમણે કહ્યું કે આ પાણી કુદરતી રીતે જ આવે છે, કોઈ તેને ભરીને નાખતું નથી. આ વાત સાંભળીને મને વધુ આશ્ચર્ય થયું દરેક કુંડનું પાણી એટલું સ્વચ્છ અને નિર્મળ હતું. દરેક કુંડ આગળ એક-બે વ્યક્તિ ઊભા હોય છે, જે તમારી ઉપર કુંડનું પાણી રેડે

છે. આ રીતે એક પછી એક કરીને બધા ૨૨ કુંડોમાં સ્નાન કરાવવામાં આવે છે

બધા ૨૨ કુંડોમાં સ્નાન કર્યા પછી હું કપડા બદલવા ગઈ અને પછી હું આગળ વધીને પ્રસિધ્ધ રામનાથસ્વામી મંદિર તરફ ગઈ મંદિરના દર્શન માટે આગળ વધી. મંદિરની અંદર પ્રવેશતાં જ તેની ભવ્યતા નજરે પડી - લાંબા અને વિશાળ કોરિડોર, રંગબેરંગી સ્તંભો અને સુંદર કોતરણી. અહીંના લાંબા કોરિડોર વિશ્વપ્રસિધ્ધ છે. દરેક સ્તંભ પર અલગ અલગ શિલ્પ અને ડિઝાઇન જોવા મળે છે. એવું લાગતું હતું કે હું માત્ર મંદિર નહીં પરંતુ કલા અને ઇતિહાસના એક જીવંત સંગ્રહાલયમાં ચાલી રહી છું. થોડા સમય પછી હું ગર્ભગૃહ પાસે પહોંચી. અંદરનું વાતાવરણ ખૂબ શાંત અને આધ્યાત્મિક હતું. ગર્ભગૃહમાં દીવડાઓના પ્રકાશમાં શિવલિંગનું દર્શન થતું હતું. તે દૃશ્ય એટલું મંત્રમુગ્ધ કરી દેતું હતું કે શબ્દોમાં વર્ણવવું મુશ્કેલ છે. એક ક્ષણ માટે બધું શાંત થઈ ગયું હતું - માત્ર ભક્તિ, પ્રકાશ અને શાંતિનું સામ્રાજ્ય હતું.

હા, એક વાત મને બિલકુલ ગમતી નથી કે મોટા ભાગના મંદિરોમાં લાંબી લાઈનમાં ઊભા રહ્યા પછી પણ દર્શન માટે બિલકુલ સમય મળતો નથી. પરંતુ મેં ગર્ભગૃહની બહાર થોડો સમય બેસીને શાંતિથી પ્રાર્થના કરી. ત્યારબાદ પાર્વતી માતા અને નટરાજ મહારાજના પણ દર્શન કર્યા. આ આખો અનુભવ

મારા માટે ખૂબ આધ્યાત્મિક અને યાદગાર રહ્યો. મંદિરમાં દર્શન પછી મેં રામેશ્વરમમાં જ ભોજન ગ્રહણ કર્યું.

હવે આગળની સફર વિશે વિચારવાનો સમય હતો. મને આગળ કન્યાકુમારી જવું હતું. રામેશ્વરમથી કન્યાકુમારી માટે સીધી ટ્રેન માત્ર એક જ હતી, અને તે રાત્રે નીકળતી હતી અને સવારે લગભગ ચાર વાગ્યે પહોંચાડતી. તેથી મેં નક્કી કર્યું કે પહેલા પાછું મદુરાઈ જઈએ કારણ કે ત્યાંથી કન્યાકુમારી જવા માટે ઘણા વિકલ્પો હતા. આ રીતે હું ટ્રેન દ્વારા ફરી મદુરાઈ તરફ નીકળી. જ્યારે ટ્રેન ફરી સમુદ્ર ઉપરથી પસાર થતી પંબન રેલવે બ્રિજ પરથી જઈ રહી હતી, ત્યારે બારીની બહારના દૃશ્ય અદ્‌ભુત હતાં - નીચે નીલું દરિયાનું પાણી, ઠંડો પવન અને દૂર સુધી ફેલાયેલો સમુદ્ર. મને ખરેખર લાગ્યું કે આ અનુભવ માટે ટ્રેનમાં મુસાફરી કરવી ખૂબ જ યોગ્ય નિર્ણય હતો.

થોડા સમય પછી હું ફરી મદુરાઈ પહોંચી ગઈ. મદુરાઈ શહેરમાં ફરતા એક વાત ખાસ નજરે પડી - અહીં જ્વેલરીની ઘણી દુકાનો હતી, અને આખું શહેર જાણે સમૃદ્ધિ અને પરંપરાનો એક અલગ જ માહોલ આપતું હતું. સાંજ પડતાં, ત્યાં ફરતા ફરતા મને એક ખાસ વસ્તુ અજમાવવાની ઇચ્છા થઈ મદુરાઈનું જાણીતું અને ઠંડક આપતું પીણું 'જિગરથંડા'. હું એક જાણીતી દુકાન પર ગઈ અને જિગરથંડા પીધું. તે ખૂબ જ સ્વાદિષ્ટ અને મીઠું ઠંડુ પીણું હતું - ખરેખર મદુરાઈનો ખાસ સ્વાદ.

પછી મેં એક સ્થાનિક વ્યક્તિને પૂછ્યું કે સાચું દક્ષિણ ભારતીય ભોજન ક્યાં મળે. તેમણે મને એક રેસ્ટોરન્ટનું નામ જણાવ્યું - મુરુગન ઇડલી શોપ. હું ત્યાં ગઈ અને ઇડલી, ઉત્તપમ, મેદુવડા ઓર્ડર કર્યા. કેળાના પાન પર પીરસાયેલું ભોજન, સાથે ઘણી જાતની ચટણીઓ અને સાંભાર - મારો વિશ્વાસ કરો, સ્વાદ મજેદાર હતો. દરેક વાનગીમાં ઘરેલું અને પરંપરાગત સ્વાદ હતો. મને ખરેખર આનંદ થયો કે મેં આ રેસ્ટોરન્ટમાં જવાનું નક્કી કર્યું હતું. ખરેખર! મજ્જા આવી ગઈ.

ભોજન પછી હું થોડો સમય મદુરાઈના બજારમાં ફરી. ત્યાંનો માહોલ જીવંત હતો - લોકો, દુકાનો, પ્રકાશ અને શહેરની ઊર્જા. દિવસનો અંત ખૂબ સંતોષ અને ખુશી સાથે થયો. ત્યારબાદ હું પાછી મારી હોટેલ પર આવી કારણ કે બીજા દિવસ સવારથી મારી આગળની સફર હવે કન્યાકુમારી તરફ જવાની હતી.

# 7. કન્યાકુમારી – ભારતનો ભૌગોલિક અંત અને એક યાદગાર ક્ષણ

મદુરાઈમાંથી મારી આગળની મુસાફરી હવે ભારતના અંતિમ દક્ષિણ બિંદુ તરફ શરૂ થવાની હતી. હું ટ્રેનમાં બેઠી અને મારી સફર શરૂ થઈ કન્યાકુમારી તરફ, ટ્રેનમાં બેસતાં જ ફરી એક નવો અનુભવ મારી રાહ જોઈ રહ્યો હતો.

મારી બાજુમાં કેરળનો એક પરિવાર બેઠો હતો - લગભગ સાત લોકોનો. મારી પાસે સાઇડ લોઅર બર્થ હતી, જ્યારે એક આન્ટીની સાઇડ અપર બર્થ હતી. થોડા સમય પછી તેઓ મારી બાજુમાં આવીને બેઠા અને વાત શરૂ કરી. તેઓ થોડું આશ્ચર્યથી પૂછતાં હતાં કે હું એકલી મુસાફરી કેવી રીતે કરી રહી છું. પછી ધીમે ધીમે અમારી વચ્ચે સારી વાતચીત શરૂ થઈ ગઈ. અમે ઘણી વાતો કરી - મુસાફરી વિશે, ખાવા વિશે, તેમના પરિવાર વિશે, મારા અભ્યાસ અને કારકિર્દી વિશે.

એ પરિવારને મારા વિશે ખૂબ જ કૌતુક હતું - ખાસ કરીને અમેરિકાની જીવનશૈલી વિશે. તેઓને જાણવું હતું કે “અમેરિકા કેવું હોય છે?” કેટલાક પરિવારના સભ્યો એવું માનતા હતા કે ભારતમાં રહેવું જ વધુ સારું છે. તેમના મતે ઘણા લોકો અમેરિકા ફક્ત પૈસા માટે જાય છે, ત્યાં વ્યક્તિગત જીવન કે સામાજિક જીવન હોતું નથી, અને બધું જ પૈસા કમાવા પર

કેન્દ્રિત હોય છે. મેં સ્મિત સાથે તેમને સમજાવ્યું કે આ વાત દરેક વ્યક્તિ પર આધાર રાખે છે. દરેક દેશના પોતાના સારા અને થોડાક ખરાબ પડકારો હોય છે. મેં તેમને કહ્યું કે મેં અમેરિકામાં મારી જીંદગી ખૂબ આનંદથી જીવી છે. મેં મહેનત કરીને પૈસા કમાયા, રોજ લગભગ આઠ કલાક કામ કર્યું, અને સાથે સાથે ઘણો પ્રવાસ પણ કર્યો. ત્યાંનું વાતાવરણ, હવામાન, સ્વચ્છતા, હાઇજિન, સારી સુવિધાઓ અને સારા મિત્રો છે - આ બધું મને ખરેખર ખૂબ ગમ્યું. પરંતુ પરિવારથી દૂર રહેવાની લાગણી ક્યાંક મનમાં ડંખતી હોય છે.

પછી મેં તેમને કહ્યું કે ભારતની પોતાની એક અલગ જ સુંદરતા છે. અહીં સંસ્કૃતિ છે, પરિવાર છે, મિત્રો છે, સામાજિક જીવન છે. અંતે વાત એક જ છે - તમે તમારા જીવનમાં શું પસંદ કરો છો તેના પર બધું નિર્ભર છે. એ વાત સાંભળીને એ આન્ટીને મારા વ્યક્તિગત જીવન વિશે પણ જાણવાની ઉત્સુકતા થઈ. જ્યારે મેં કહ્યું કે હું સિંગલ છું ત્યારે તેમણે ખૂબ જ પ્રેમથી અને સમજદારીથી મને કહ્યું કે જીવનમાં લગ્ન કરવા એ પણ જરૂરી છે. એક રસપ્રદ બાબત એ હતી કે તે આન્ટી મારી સાથે અંગ્રેજીમાં વાત કરતા હતા. પછી તે પોતાના પરિવારને મલયાલમમાં બધું સમજાવતા હતા. પરિવારના સભ્યો મલયાલમમાં વચ્ચે ચર્ચા કરતા, અને જો કોઈને કોઈ પ્રશ્ન હોય તો તે મને અંગ્રેજીમાં પૂછતા. આખી વાતચીત દરમિયાન એ એક સુંદર સંવાદ બની ગયો - જેમ કોઈ અજાણ્યા લોકો ધીમે ધીમે ઓળખાણમાં ફેરવાઈ જાય છે.

થોડા સમય પછી તેમણે ખૂબ પ્રેમથી પૂછ્યું, “તમે કંઈ ખાધું છે કે નહીં? નહીંતર અમે અમારું ખાવાનું તમારી સાથે વહેંચી શકીએ, જો તમને મન હોય તો.” એ સાંભળીને મને ખરેખર ખૂબ સારું લાગ્યું. મેં તેમને કહ્યું કે મેં પહેલેથી જ લંચ કરી લીધો છે. પછી તેઓ હળવા સ્મિત સાથે બોલ્યા, “બરાબર.” આ સફરમાં મળેલા એ લોકો મારા માટે અજાણ્યા હતા પણ તેમની સરળતા અને ઉદારતા દિલમાં રહી ગઈ. થોડા સમયની એ મુલાકાત પણ યાદગાર બની ગઈ. તેઓ પણ ખૂબ સારા પ્રવાસી હતા એટલે વાતો કરતાં કરતાં સમય કેવી રીતે પસાર થઈ ગયો તેનો ખ્યાલ જ રહ્યો નહીં. આ આખી મુસાફરી લગભગ ચાર કલાકની હતી પરંતુ મને એવું લાગ્યું જ નહીં અને સમય ઝડપથી પસાર થઈ ગયો. જ્યારે ઉતરવાનો સમય આવ્યો, ત્યારે મેં આન્ટી અને તેમના પરિવારને “બાય” કહ્યું.

ટ્રેન નાગરકોઇલ પહોંચી. અહીં મારે બીજી ટ્રેન પકડીને કન્યાકુમારી જવાનું હતું. મારી પાસે લગભગ એક કલાકનો સમય હતો. ત્યાં સ્ટેશન પર મારી મુલાકાત ઉત્તર પ્રદેશના એક મોટા પરિવાર સાથે થઈ - લગભગ તેર લોકો હતા. તેઓ પણ મારી જેમ રામેશ્વરમથી પ્રવાસ કરીને હવે કન્યાકુમારી જોવા જઈ રહ્યાં હતાં. અમે સાથે બેઠા, વાતો કરી, હસ્યાં અને પછી કન્યાકુમારી જતી ટ્રેનમાં પણ સાથે જ બેઠા. જ્યારે અમે કન્યાકુમારી સ્ટેશન પર પહોંચ્યાં ત્યારે એકબીજાને સ્મિત સાથે અલવિદા કહ્યું.

હવે હું કન્યાકુમારી પહોંચી ગઈ હતી. સ્ટેશન પરથી હું મારી હોસ્ટેલ તરફ નીકળી. મેં જે હોસ્ટેલ બુક કર્યું હતું - ધ સ્પેરો હોસ્ટેલ - તે થોડું મુખ્ય પ્રવાસ સ્થળોથી દૂર હતું. ત્યાં પહોંચ્યા પછી મને થોડું લાગ્યું કે કદાચ બીજી જગ્યાએ રોકાઈ હોત તો સારું રહેત. પરંતુ હવે હું ત્યાં આવી ગઈ હતી, એટલે આગળનો સમય સારી રીતે પસાર કરવાનો વિચાર કર્યો.

સાંજ થવા લાગી હતી એટલે મેં નક્કી કર્યું કે સૂર્યાસ્ત જોવા જવું જોઈએ. હું હોસ્ટેલમાંથી બહાર નીકળી અને સનસેટ પોઇન્ટ તરફ ચાલવા લાગી. રસ્તામાં મારી મુલાકાત ફ્રાન્સના એક પ્રવાસી સાથે થઈ. એ ભારતમાં લગભગ એક મહિનાથી હતો અને કન્યાકુમારીમાં એને ચારેક દિવસ થઈ ગયા હતા. અમે થોડી વાતચીત શરૂ કરી - તેની યુરોપની મુસાફરી, ભારત વિશેનો તેનો અનુભવ, અને બંને દેશોની સંસ્કૃતિ વિશે. વાતો ખૂબ રસપ્રદ હતી. પરંતુ તે દિવસ થોડો વાદળછાયો હતો. તેથી અમને સૂર્યાસ્ત સારી રીતે જોવા મળ્યો નહીં. છતાં અમે સનસેટ પોઇન્ટ પાસે બેસીને વાતો કરતા રહ્યા - પ્રવાસ, દેશો, જીવનના અનુભવ વિશે. ક્યારેક મુસાફરીમાં ગંતવ્ય કરતાં આ ક્ષણો વધુ ખાસ બની જાય છે.

થોડા સમય પછી હું ડિનર કરવા ગઈ અને પછી પાછી હોસ્ટેલ પર આવી ગઈ. બીજા દિવસે હું કન્યાકુમારીના સૌથી ખાસ સ્થળે જવાની હતી, જ્યાં દરિયાની વચ્ચે એક પ્રેરણાદાયી સ્મારક આવેલું છે - વિવેકાનંદ રૉક મેમોરિયલ.

આગળનો દિવસ મારી મુસાફરીના સૌથી યાદગાર દિવસોમાંનો એક બનવાનો હતો. કેમ કે ગઈકાલ સુધી મારી અંદર એક અલગ જ વિચાર હતો. મને લાગતું હતું કે કન્યાકુમારીમાં કદાચ ખાસ કંઈ નથી. મનમાં તો એવું પણ આવ્યું હતું - "શા માટે મેં અહીં આવવાનો પ્લાન બનાવ્યો?" કદાચ મેં આ જગ્યાને પહેલાંથી જ જજ કરી દીધી હતી. પરંતુ મુસાફરી આપણને ઘણી વાર આપણા જ વિચારો સામે ઊભું કરી દે છે.

બીજા દિવસે સવારે જાણે મારી કન્યાકુમારીની સાચી સફર શરૂ થઈ.

સવારનો સમય હતો. હું વિવેકાનંદ રોક મેમોરિયલ જવા નીકળી. બોટ માટે લાંબી લાઈન હતી. થોડો સમય રાહ જોવી પડી. બોટમાં બેસી - જેમ જેમ બોટ આગળ વધવા લાગી અને સમુદ્રના મધ્યમાં ઊભેલો એ પથ્થર નજીક આવવા લાગ્યો, એમ દ્રશ્ય ધીમે ધીમે અદ્ભુત બનતું ગયું. જ્યારે હું આખરે તે રોક પર પહોંચી, ત્યારે મને સમજાયું કે કેટલીક જગ્યાઓને શબ્દોમાં વર્ણવવી મુશ્કેલ હોય છે. ગઈકાલે જે વિચાર હતો કે કન્યાકુમારી ખાસ નથી - એ વિચાર ત્યાં પગ મૂકતાં જ બદલાઈ ગયો. જ્યારે હું ત્યાં આવેલા સ્વામી વિવેકાનંદજીના મંદિર અને ધ્યાન કેન્દ્રમાં પ્રવેશી, ત્યારે મન શાંત થઈ ગયું. એ દિવસોમાં હું રામકૃષ્ણ પરમહંસ વિશેનું પુસ્તક વાંચી રહી હતી. અને એ જગ્યાએ ઉભી રહીને મને એવું લાગ્યું કે જાણે હું તેમની,

શારદા દેવી અને સ્વામી વિવેકાનંદના જીવનને થોડું નજીકથી અનુભવી રહી છું. હું ધ્યાન કેન્દ્રમાં લગભગ એક કલાક સુધી શાંતિથી બેસી રહી. બહાર સમુદ્રનો અવાજ હતો, અંદર એક અનોખી શાંતિ. એ અનુભવ ખરેખર અવિસ્મરણીય હતો. પછી હું ધ્યાન કેન્દ્રની બહાર આવીને ઊભી રહી. ત્યાં પવન એટલો જોરથી ફૂંકાતો હતો કે ક્યારેક ઊભું રહેવું પણ મુશ્કેલ લાગતું હતું. સમુદ્રની ઊંચી ઊંચી તરંગો, તેનો સતત ગાજતો અવાજ. બધું જ એક અલગ દુનિયા જેવું લાગતું હતું. એ ક્ષણને શબ્દોમાં વ્યક્ત કરવી ખરેખર મુશ્કેલ છે.

એ પથ્થર પર ઊભી રહીને મને એક વાત યાદ આવી. ડિસેમ્બર ૧૮૯૨ - ત્યારે અહીં કોઈ બોટ નહોતી, કોઈ બ્રિજ નહોતો, કોઈ સુવિધા નહોતી. છતાં સ્વામી વિવેકાનંદ સમુદ્ર તરીને આ પથ્થર સુધી આવ્યા હતા અને અહીં ત્રણ દિવસ સુધી ધ્યાનમાં લીન રહ્યા હતા. આજે પણ ત્યાં ઊભા રહીને પવન એટલો જોરથી વાગે છે કે ક્યારેક સંતુલન રાખવું મુશ્કેલ બને. ત્યારે પરિસ્થિતિ કેટલી કઠિન હશે - એ વિચારતાં જ દિલમાં અદ્ભુત ભાવ ઊભો થાય. કહેવાય છે કે એ ત્રણ દિવસના ધ્યાન દરમિયાન સ્વામીજીને પોતાના જીવનના ધ્યેય વિશે વધુ સ્પષ્ટતા મળી. ભારતની આધ્યાત્મિકતા અને સંસ્કૃતિને વિશ્વ સુધી પહોંચાડવાનો વિચાર ત્યાં વધુ મજબૂત બન્યો. અને પછી તેઓ પશ્ચિમ તરફ ગયા, જ્યાં તેમણે Parliament of the World's Religions માં પોતાના ભાષણથી સમગ્ર વિશ્વનું ધ્યાન ભારત તરફ ખેંચ્યું. શાયદ એ જ કારણ છે કે ત્યાં બેસીને

ધ્યાન કરવું મારા માટે એટલું વિશેષ લાગ્યું. એ ક્ષણે મને સમજાયું કે કન્યાકુમારી વિશેનો મારો પહેલાનો વિચાર સંપૂર્ણ રીતે બદલાઈ ગયો છે. ક્યારેક કોઈ જગ્યાને સમજવા માટે માત્ર ત્યાં પહોંચવું પૂરતું નથી - ત્યાંની ઊર્જા અનુભવી પડે એ યાત્રાનું સત્ય છે.

પછી હું ગ્લાસ બ્રિજ પરથી પસાર થઈને તિરુવલ્લુવર પ્રતિમા તરફ આગળ વધવા લાગી. સમુદ્રની વચ્ચે ગૌરવભેર ઊભેલી આ પ્રતિમા દક્ષિણ ભારતના મહાન કવિ અને તત્વચિંતક સંત તિરુવલ્લુવરની મહાનતા અને તેમના ઊંચા વિચારોનું પ્રતિક છે. સ્વામી વિવેકાનંદ રોક મેમોરિયલથી તિરુવલ્લુવર પ્રતિમા સુધી જોડતો આ બ્રિજનો એક ભાગ ગ્લાસથી બનાવવામાં આવ્યો છે.

ગ્લાસ બ્રિજ પર પગ મૂકતાં જ એક અલગ જ અનુભવ થવા લાગ્યો. પારદર્શક કાચમાંથી નીચે ફેલાયેલો સમુદ્ર અને તેની ઉછળતી તરંગો સ્પષ્ટ દેખાતી હતી. દરેક પગલું ભરતાં એવું લાગતું હતું જાણે નાનકડું સાહસ કરી રહી હોઉં. થોડુંક રોમાંચક, ઉત્સાહિત અને આસપાસ ફેલાયેલો સમુદ્રનું અદ્ભુત દૃશ્ય - આ બધું મળીને એ ક્ષણને ખરેખર યાદગાર બનાવી રહ્યું હતું.

થોડા સમય પછી હું બોટથી પાછી આવી અને લંચ કરવા ગઈ. હું જાન્યુઆરીમાં ગઈ હતી છતાં બપોરે ત્યાં ખૂબ ગરમી લાગી

રહી હતી. તેથી મેં બપોરનો સમય આરામમાં પસાર કરવાનો નિર્ણય લીધો.

સાંજે હું કન્યાકુમારી અમ્મન મંદિર ગઈ. ત્યાંની પરંપરા અને વાતાવરણ ખૂબ અનોખું લાગ્યું. માન્યતા મુજબ અહીં દેવી કન્યાકુમારી ભગવાન શિવ સાથે લગ્ન માટે તૈયાર હતા, પરંતુ કેટલાક કારણોસર એ લગ્ન થયાં નહોતાં અને દેવી સદા કન્યા રૂપે અહીં વસે છે.

પછી હું મંદિરની પાછળ આવેલા પ્રસિદ્ધ ત્રિવેણી સંગમ પર ગઈ - જ્યાં અરબી સમુદ્ર, બંગાળની ખાડી અને હિંદ મહાસાગર મળે છે. ત્યાંની તરંગો એટલી શક્તિશાળી હતી કે પાણીમાં ઊતરવું શક્ય નહોતું. સમુદ્રના પાણીના અલગ અલગ રંગો, તેની ગર્જના અને સતત અથડાતી તરંગો. બધું જ મેસ્મરાઇઝિંગ હતું.

એ સાંજના સમયે ઊભી રહીને મને એક જ વિચાર આવ્યો - કેટલીક જગ્યાઓને આપણે પહેલાં સામાન્ય લઈએ છીએ. કન્યાકુમારી મારા માટે એવી જ એક જગ્યા બની. જેને મેં પહેલા સામાન્ય માન્યું હતું, એ અંતે મારા પ્રવાસના સૌથી યાદગાર અનુભવોમાંની એક બની ગયો. ખાસ કરીને વિવેકાનંદ રોક મેમોરિયલ, ત્યાં જવું ખરેખર દિલથી “worth it” હતું.

# ૮. કોચી – કેરળની સંસ્કૃતિ સાથે જીવવાની પહેલી પળો

હવે ટ્રેન પકડવાની હતી - કન્યાકુમારીથી કોચી સુધીની. અહીંયાંથી મારી કેરળ યાત્રાની સાચી શરૂઆત થવાની હતી. મૂળ તો કન્યાકુમારીથી સીધું તિરુવનંતપુરમ, વર્કલા અને બીજા સ્થળો કરતાં કરતાં કોચી પહોંચવું વધુ સ્વાભાવિક માર્ગ હતો. પરંતુ મારા માટે યોજના થોડીક અલગ હતી. હું કોચીથી તિરુવનંતપુરમ તરફ જવાની હતી, કારણ કે મારી કેરળ ટ્રિપ એક ગ્રુપ સાથે શરૂ થવાની હતી. આ મુસાફરીમેં એક NGO સાથે બુક કરી હતી. કોચી પહોંચ્યા પછી બીજા દિવસથી મારે આ ગ્રુપ સાથે જોડાવાનું હતું. ટ્રિપ પહેલાં જ મને NGO તરફથી ફોન આવ્યો - પ્રવાસની માહિતી આપવા માટે. હું વિગતો ધ્યાનથી સાંભળતી હતી પરંતુ એક વાત સાંભળીને હું થોડીક અચંબામાં પડી ગઈ. તેમણે કહ્યું કે આ ટ્રિપમાં હું એકલી જ છોકરી છું... બાકીના બધા છોકરાઓ છે. એ સાંભળતા જ મને થોડો ગુસ્સો આવ્યો. મેં ટ્રિપ મેનેજરને કહ્યું, “આ વાત તમે મને પહેલાં કહી શકતા હતાને. તો કદાચ હું મારી યોજના બદલતી. મારી સલામતી કે કમ્ફર્ટ વિશે શું?” તેના અવાજમાં શાંતિ હતી. તેણે સમજાવ્યું, “ચિંતા ન કરો. તમારી સલામતી અમારી જવાબદારી છે. તમને અલગ રૂમ મળશે, ટ્રાવેલ દરમિયાન અમે ખાસ ધ્યાન રાખીશું. આ પહેલી વાર નથી - આવી ઘણી ટ્રિપ્સ પહેલા પણ થઈ છે.” તેના વિશ્વાસભર્યા શબ્દો સાંભળીને

હું થોડી શાંત થઈ. મેં વિચાર્યું - હું તો આ મુસાફરી માટે ખૂબ ઉત્સુક હતી. કેરળ... ભારતનું સૌથી સુંદર રાજ્ય કહેવાય છે. લાંબા સમયથી મારી બકેટ લિસ્ટમાં હતું. હવે જ્યારે આ તક આવી છે, ત્યારે ડર કરતાં ઉત્સાહ વધારે હોવો જોઈએ. અને આમ, મેં મારા મનને કહ્યું - “ચાલો, હવે સાચી યાત્રા શરૂ કરીએ.”

કન્યાકુમારી સ્ટેશન પર પહોંચી ત્યારે મારું શરીર અને મન બંને થોડુંક થાકેલા હતા. વાતાવરણમાં ભારે ફેરફાર થયો હતો. ગુજરાતમાં ઠંડી હતી, અને અહીં દક્ષિણ ભારતમાં ગરમી ખૂબ જ હતી. મને થોડીક શરદી, ઉધરસ અને માથાનો દુખાવો હતો. એ કારણથી હું થોડીક અસ્વસ્થ હતી. સ્ટેશન પર એક નાની પણ થોડીક શરમજનક ઘટના બની. ટ્રેન પ્લેટફોર્મ પર આવી રહી હતી. લોકો ટ્રેનમાંથી બહાર આવી રહ્યા હતા અને હું - ઝડપથી ટ્રેનમાં - અંદર ચડવા લાગી. એટલામાં પાછળથી એક મહિલા બોલી,

“Wait for a minute! Let the people come out first.”

તે અંગ્રેજીમાં બોલી રહયાં હતા. તેમના અવાજમાં કડકાઈ અને સ્પષ્ટતા હતી. હું તરત જ અટકી ગઈ... અને અંદરથી મને ખૂબ ખરાબ લાગ્યું. મને લાગ્યું - “આ હું શું કરી રહી હતી? કેટલી બેધ્યાન થઈ ગઈ છું!” થોડીવારમાં એ જ મહિલા મારી સીટની બાજુમાં બેઠી હતી. થોડા સમય પછી અમારી વાતચીત શરૂ થઈ. તે ફ્રાન્સથી આવ્યા હતા. તે અને તેમના પતિ છેલ્લા પંદર

દિવસથી ભારતમાં મુસાફરી કરી રહ્યા હતા, અને હવે તેઓ કેરળ તરફ જઈ રહ્યા હતા. આ તેમની ભારતની પહેલી ટ્રેન મુસાફરી હતી. મને સમજાઈ રહ્યું હતું કે આ અનુભવ તેમના માટે થોડો અચંબાજનક પણ હતો. વચ્ચે વચ્ચે તેમની વાતચીત સાંભળતી હતી - ક્યારેક તેઓ આશ્ચર્ય પામતા, ક્યારેક થોડું ગૂંચવાઈ જતા. છતાં, તેમની આંખોમાં ઉત્સાહ હતો. તેમના પતિ સતત ફોટા અને વિડિઓ લઈ રહ્યા હતા - યાદો માટે.

અમારી બાજુમાં બેઠેલો બીજો એક યુવક પણ ફ્રાન્સનો જ હતો. પરંતુ તેની મુસાફરી થોડીક અલગ હતી. તે ત્રણ મહિનાથી ભારતમાં હતો - માત્ર ફરવા માટે નહીં પરંતુ અભ્યાસ માટે. તે પ્રવાસી સ્થળો ઉપરાંત લોકો સાથે મળતો, તેમની સાથે વાત કરતો, અને ભારતને નજીકથી સમજવાનો પ્રયાસ કરતો હતો જે તેના અભ્યાસનો ભાગ હતો.

ટ્રેન ધીમે ધીમે આગળ વધી રહી હતી. બારી બહારનાં દ્રશ્યો બદલાતાં જતાં હતાં - હરિયાળી, નાળિયેરના ઝાડ, નાના નાના સ્ટેશનો, અને વચ્ચે વચ્ચે દેખાતું પાણી. એ દ્રશ્યોમાં કંઈક ખૂબ શાંતિ હતી. મને ખબર હતી કે સાંજ સુધી હું કોચી પહોંચી જઈશ. એક વાત મેં ખાસ નોંધ લીધી - સ્ટેશન અને બસ સ્ટોપ ખૂબ જ સ્વચ્છ હતા. ક્યાંય તમાકુની થૂંક દેખાતી નહોતી.

સાંજ પડતા હું કોચી પહોંચી ગઈ. ઓટો લઈને હું મારી હોસ્ટેલ તરફ નીકળી. જે મેં રહેવા માટે પસંદ કર્યું હતું - Zostel Kochi.

કોચી શહેર પ્રથમ નજરે જ મોટું અને જીવંત લાગતું હતું. હોસ્ટેલમાં પહોંચતાં જ મને અલગ અલગ પ્રકારના લોકો મળ્યા - કોઈ ટ્રાવેલર, કોઈ ઇવેન્ટ મેનેજર, કોઈ ફક્ત થોડા દિવસ માટે શહેરમાં આવેલા. ચેક-ઇન કરતી વખતે એક વ્યક્તિએ મને પૂછ્યું,

"Are you here for the Biennale?"

મેં આશ્ચર્યથી કહ્યું, "No... એ શું છે?"

તે ભાઈ મને આશ્ચર્યથી જોઈ રહ્યો હતો. જેમ કે મેં કોઈ ખૂબ મોટી વાત ન જાણીને ભૂલ કરી હોય. પછી તેણે સમજાવ્યું કે કોચીમાં દર બે વર્ષે એક બહુ મોટું આર્ટ ઇવેન્ટ થાય છે - Kochi-Muziris Biennale. દુનિયાભરના લોકો આ ઇવેન્ટ માટે અહીં આવે છે.

હું અંદરથી થોડું હસવા લાગી. હકીકતમાં હું આર્ટ વિશે બહુ જાણતી નહોતી. હું કલાકારોને અને તેમની કલાને માન આપું છું, પરંતુ મારી દુનિયા તો લેબ, મોલેક્યુલ્સ અને રિસર્ચની આસપાસ જ વધારે ફરે છે. પણ છતાં એ વાત મનમાં રહી ગઈ.

પછી મેં હોસ્ટેલ સ્ટાફને પૂછ્યું - "અહીં નજીકમાં શું શું જોવા જેવું છે? અને કોઈ સારી રેસ્ટોરન્ટ?" તેમણે મને કેટલીક સારી જગ્યાઓ સૂચવી. ડિનર માટે હું ગઈ એક પ્રસિદ્ધ રેસ્ટોરન્ટ - Udupi Restaurant. અહીં મેં કંઈક નવું ટ્રાય કર્યું - બોન્ડા સૂપ. સ્વાદ થોડો અલગ, પણ ખૂબ રસપ્રદ હતો.

કોચીને જોયા પછી મારી પહેલી લાગણી ખૂબ સકારાત્મક હતી. શહેર સ્વચ્છ હતું, સુવિધાઓ સારી હતી. ઘણા રેસ્ટોરન્ટમાં ઓર્ડર માટે મશીન હતા જેથી કતારમાં ઊભા રહેવાની જરૂર નહોતી કે ટેબલ પર કોઈ ઓર્ડર લેવા આવવાનું ન હતું. આ બધું જોઈને મને થોડુંક અમેરિકા યાદ આવી ગયું કારણ કે હું આવી સિસ્ટમ્સ માટે ત્યાંથી પહેલેથી જ પરિચિત હતી.

હોસ્ટેલ પર પાછી આવી અને મારા રૂમમાં પહોંચી. ત્યાં મારી રૂમમેટ મળી. અમે સામાન્ય વાતોથી શરૂઆત કરી - કામ, મુસાફરી, શહેરો...તે બેંગલુરુથી આવી હતી - ફક્ત બે દિવસ માટે.

કારણ?

ફરીથી એ જ શબ્દ સાંભળવા મળ્યો - Biennale.

હવે તો મને ખરેખર ઉત્સુકતા થઈ ગઈ. મેં તેને પૂછ્યું-

"આ ઇવેન્ટ એટલું ખાસ શું છે?"

તેને મને સમજાવ્યું કે આ ઇવેન્ટ મુખ્યત્વે ફોર્ટ કોચી વિસ્તારમાં થાય છે, અને અલગ અલગ જગ્યાઓ પર આર્ટ ઇન્સ્ટોલેશન અને પ્રદર્શન થાય છે. તે બોલી, "એક વાર જોવું તો જોઈએ. ખરેખર સાર્થક છે. તેની વાત સાંભળ્યા પછી મેં રાત્રે થોડું

ઓનલાઇન શોધ્યું અને પછી મેં નક્કી કર્યું કે "કાલે સવારે હું ત્યાં જઈશ."

આ રીતે કોચીમાં મારી પહેલી રાત પૂરી થઈ. આગળનો દિવસ... મારી કેરળ યાત્રાનો નવો અધ્યાય શરૂ થવાનો હતો.

સવારના શાંત સમયે હું તૈયાર થઈ અને બહાર નીકળી. મારા મનમાં પહેલેથી જ એક નાની યોજના હતી - ફોર્ટ કોચી જવું.

ફોર્ટ કોચી જવા માટે બે રસ્તા હતા: બસ અથવા બોટથી. મેં વિચાર્યું કે જતાં બસમાં જાવ અને પરત આવતી વખતે બોટ ફેરી લઈશ જેથી બંને અનુભવ મળી જાય. આમ વિચારતાં હું બસમાં બેસી ગઈ.

બસમાં બેઠી અને મુસાફરી શરૂ થઈ... અને બસ શરૂ થતાંની સાથે જ મને રસપ્રદ વસ્તુ નજરે પડવા લાગી. રસ્તાની બાજુમાં ઘણી જગ્યાએ લોટરીના સ્ટોલ હતાં. નાના નાના સ્ટોલ, ક્યારેક તો લોકો હાથમાં ટિકિટ લઈને રસ્તા પર જ વેચતા હોય એમ. મને અચાનક એક યાદ આવી - લાસ વેગસની.

જ્યારે હું લાસ વેગસ ગઈ હતી, ત્યારે ત્યાં દરેક હોટેલ, દરેક બિલ્ડિંગમાં કસિનો જ દેખાતા. અહીં કોચીમાં કસિનો નહોતાં, પણ લોટરી ટિકિટ બધે દેખાતી હતી. એ દ્રશ્ય મને થોડું હસાવતું પણ હતું અને થોડું આશ્ચર્ય પણ કરાવતું.

મારા મનમાં તરત જ પ્રશ્ન આવ્યો - "અહીં લોટરી સિસ્ટમ કેવી રીતે કામ કરે છે?"

હું કોઈને પૂછવા માંગતી હતી, પરંતુ બસમાં અથવા રસ્તા પર એવો કોઇ વ્યક્તિ મળ્યો નહીં જેને હું આરામથી પૂછું. પણ મનમાં વિચાર રાખ્યો - કોઈક ને તો જરૂર પૂછવું છે.

લગભગ એક કલાક પછી હું ફોર્ટ કોચી પહોંચી. કોચી ખરેખર બહુ મોટું શહેર છે અને ફોર્ટ કોચી તેનો એક અલગ જ ભાગ લાગે - થોડું શાંત, થોડું કલાત્મક અને સમુદ્રની નજીકનું...!

મારા મનમાં પહેલી જે જગ્યાનો વિચાર હતો - ગઈકાલે સાંભળેલો Biennale ઇવેન્ટ. એટલે હું સીધી ત્યાં જ જવા નીકળી. આ ઇવેન્ટનું મુખ્ય સ્થળ હતું Aspinwall House. અહીં જ આર્ટ પ્રદર્શનનો મુખ્ય હિસ્સો હતો.

આ સમગ્ર ઇવેન્ટ એટલે Kochi-Muziris Biennale.

ટિકિટ લગભગ ૩૦૦ રૂપિયાની હતી. મેં ટિકિટ લીધી અને અંદર પ્રવેશ કર્યો. સાચું કહું તો – મે જેમ પહેલાં કહ્યું તેમ મને આર્ટ વિશે બહુ ખબર નહોતી. પણ મેં મનમાં કહ્યું, "ચાલો, આજે કંઈક નવું જોઈશું."

અંદર જઈને પહેલી જ ઇન્સ્ટોલેશન જોઈ - કોઈ ફ્રિજ સાથે સંબંધિત આર્ટ હતું. હું થોડો સમય ઊભી રહી... પણ સાચું કહું તો મને સમજાયું નહીં કે કલાકાર આર્ટમાં શું બતાવવા માંગે

છે. પણ પછી ધીમે ધીમે અલગ અલગ આર્ટ અને ઇન્સ્ટોલેશન જોવા મળ્યા - કેટલાક માટીથી બનાવેલા, કેટલાક કાપડમાંથી, કેટલાક લાઈટિંગ સાથે એવી રીતે રજૂ કરેલી કે જાણે કોઈ વાર્તા ચાલી રહી હોય.

એમાંથી થોડાક આર્ટ તો ખરેખર મને ગમ્યા. કેટલાક આર્ટ હું સમજી શકી... બાકીના વિશે હું ફક્ત એટલું જ કહી શકું - મને સમજાયું નહીં. પણ એમાં પણ એક આનંદ હતો. ક્યારેક આપણે બધું સમજવા માટે નહીં ફક્ત અનુભવવા માટે પણ જઈએ છીએ.

આ આખું સ્થળ સમુદ્રની નજીક હતું. આસપાસ દરિયાની હવા અને અંદર દુનિયાભરના લોકો - ભારતમાંથી પણ અને વિદેશમાંથી પણ - આર્ટ જોવા આવ્યા હતા.

મને સમજાયું કે જો કોઈને આર્ટ વિશે ખરેખર રસ હોય તો આખો દિવસ અહીં પસાર કરી શકે. હું તો આર્ટ વિશે વધારે જાણતી નહોતી છતાં પણ મેં લગભગ 2–3 કલાક ત્યાં વિતાવી દીધા.

આર્ટ ગેલેરીમાંથી બહાર આવી ત્યારે થોડીક ભૂખ લાગી ગઇ હતી. બહાર એક સ્ટોલ પર કંઈક રસપ્રદ દેખાયું - એક આખું કેળું, લોટમાં ડૂબાડી ને તેલમાં તળેલું. કેરળમાં કેળા ખાસ કરીને પ્રસિદ્ધ છે, એટલે મેં વિચાર્યું - ટ્રાય કરીએ.

એ વાનગીનું નામ મને યાદ નથી, ખરેખર કહું તો - મારી મનપસંદ વસ્તુ નહોતી, પણ એક વાર અનુભવ કરવા માટે સારું હતું.

મેં બીજું એ પણ સાંભળેલું કે કેરળના ચોખા/ભાત અલગ હોય છે. એટલે મેં નક્કી કર્યું કે લંચમાં તો ચોક્કસ ટ્રાય કરવા. હું સમુદ્રની બાજુમાં આવેલા એક નાના રેસ્ટોરન્ટમાં ગઈ. દ્રશ્ય ખૂબ સુંદર - એક તરફ પાણી, બીજી તરફ હળવો પવન. મેં મેનુ જોયું... પણ નામથી કંઈ સમજાયું નહીં. એટલે મેં ત્યાંની મહિલાને પૂછ્યું, "મારે વેજીટેરિયન ખાવાનું જોઈએ. તો એમાં શું મળશે?"

તે બોલી, "Veg meal."

પછી તેણે કહ્યું, "20 રૂપિયા."

હું થોડું ચોંકી ગઈ. મેં તરત કહ્યું, "લંચ માટે છે ને? બ્રેકફાસ્ટ નથી?"

તે હસીને બોલી, "ચિંતા ન કરો, પૂરતું થશે."

હું અંદર ગઈ અને જ્યારે થાળી આવી... ત્યારે હું ખરેખર ખુશ થઈ ગઈ. થાળીમાં હતું: કેરળ ભાત, સાંભાર, કેળાનું શાક (કાચા કેળાનું), પાપડ, થોડું અથાણું. કેરળના ભાત ખરેખર અલગ હતા - થોડો ફુલેલો, નાનો અને ટેક્સચર અલગ. મને

બહુ ગમ્યો. કેળાનું શાક પણ પહેલી વાર ખાધ્યું, અને આશ્ચર્યજનક રીતે ખૂબ ટેસ્ટી લાગ્યું.

અને સૌથી મોટી વાત - માત્ર 20 રૂપિયામાં આટલું સ્વાદિષ્ટ ભોજન!

લંચ પછી હું નજીકના ચર્ચ જોવા નીકળી. બપોરનો સમય હતો... અને ચર્ચ બંધ હતું. જ્યારે હું ચર્ચની બહાર ઊભી હતી, ત્યારે એક સ્થાનિક વ્યક્તિએ કહ્યું, "આજે બંધ છે. અને આજે તો ખૂબ ગરમી પણ છે. તમે કેફેમાં બેસો તો સારું." એ વિચાર સારો હતો.

એટલે હું ગઈ Kashi Art Cafe.

અને ત્યાં પહોંચતાં જ સમજાઈ ગયું કે આ કેફે બહુ પ્રસિદ્ધ છે. અંદર આર્ટ ગેલેરી જેવી દિવાલો, શાંત વાતાવરણ...પણ એક મોટી કતાર! મારે લગભગ ૨૦-૩૦ મિનિટ રાહ જોવી પડી. પણ મને ઉતાવળ નહોતી. મારે બપોરની ગરમીમાં બહાર ફરવું નહોતું.

આ કેફેમાં મેં લગભગ બે કલાક વિતાવ્યા. થોડું બેસી રહી, થોડું આસપાસ જોયું, લોકો નિહાળ્યા... અને મુસાફરીની એક શાંત પળ માણી.

પછી હું ફોર્ટ કોચીની એક સુંદર અને જીવંત ગલીમાં પહોંચી - Princess Street. આ ગલીમાં પગ મૂકતા જ એવું લાગતું હતું

કે જાણે ભારતમાંથી થોડા સમય માટે યુરોપની કોઈ નાની, રંગીન ગલીમાં આવી ગઈ હોવ. યુરોપિયન સ્ટાઈલના - હળવા પીળા, વાદળી, સફેદ અને પેસ્ટલ કલરના બિલ્ડિંગ્સ, જૂના લાકડાના દરવાજા, બાલ્કનીમાંથી લટકતા છોડ અને નાના કેફે. રસ્તાની બંને બાજુ નાનકડા દુકાનો, કેફે અને હોમસ્ટે હતા. મને ખાસ કરીને અહીંના ઘરોના રંગો અને આર્કિટેક્ બહુ ગમ્યા. દરેક ખૂણો ફોટોગ્રાફ માટે પરફેક્ટ લાગતો હતો.

હું પણ થોડીવાર ત્યાં ઊભી રહી, આસપાસ નજર ફેરવી... અને પછી ઘણા ફોટા લીધા. ક્યારેક મુસાફરીમાં એવી જગ્યાઓ મળે છે જ્યાં કોઈ મોટી ઘટના નથી બનતી, પણ એ પળ પોતે જ યાદગાર બની જાય છે. મારા માટે Princess Street એ એવી જ એક જગ્યા હતી.

આગળ ચાલતી ચાલતી હું દરિયાની બાજુ પહોંચી. અને ત્યાં મને દેખાયા - ચાઈનીઝ ફિશિંગ નેટ્સ. દૂરથી જ આ નેટ્સ ખૂબ જ અલગ અને આકર્ષક લાગતા હતા. મોટા લાકડાના ફ્રેમ પર ટીંગાડેલા વિશાળ જાળ... અને તે સમુદ્રની લહેરો સાથે ધીમે ધીમે હલતા. મને તો ખૂબ ઉત્સુકતા થઈ ગઈ - આ ખરેખર કેવી રીતે કામ કરે છે? હું નજીક ગઈ. ત્યાં ઘણી બોટ્સ હતી અને દરેક બોટ પર આ મોટા ફિશિંગ નેટ્સ લગાવેલા હતા. હું બીચની બાજુથી ઊભી રહીને ફોટા અને વિડિઓ લઈ રહી હતી. કદાચ મારી આંખોમાં દેખાતી ઉત્સુકતા એ માછીમારે ધ્યાનથી જોઈ લીધી હતી.

એમણે સ્મિત કરીને મને કહ્યું, "તમે બોટ પર આવી અને નજીકથી જોઈ શકો." મે થોડું વિચાર્યું... અને પછી કહ્યું, "હા, જરૂર." હું બોટ પર ચડી ગઈ. પછી તેણે કહ્યું, "હું તમને સમજાવીશ કે આ કેવી રીતે કામ કરે છે. પછી તમે જે યોગ્ય લાગે એટલી ટીપ આપી દેજો." મને તો એ સાંભળીને વધુ ઉત્સાહ આવી ગયો. મને ખરેખર જાણવું હતું.

એ વાત કરતાં કરતાં તેણે પોતાના હાથ બતાવ્યા. હાથની ત્વચા ખરાબ રીતે ઘસાઈ ગઈ હતી, સાવ નીકળી ગઈ હતી. જોઈને થોડું દુ:ખ પણ થયું. તેણે કહ્યું કે રોજ રોજ આ ભારે જાળ સાથે કામ કરતાં આવું થઈ જાય છે. પછી તેમણે મને સમજાવવાનું શરૂ કર્યું. તે સમયે જાળ ઉપર હતી. તેમણે કહ્યું કે સામાન્ય રીતે સાંજે અને રાત્રે માછીમારી વધુ થાય છે. આ જાળ ખરેખર ખૂબ મોટી હોય છે - મેં તો પહેલી વાર જીવનમાં આવી મોટી ફિશિંગ નેટ જોઈ હતી. પછી તેણે ધીમે ધીમે જાળને નીચે છોડવાનું શરૂ કર્યું.

જાળ પાણીમાં ઊતરી રહી હતી... અને મને સમજાઈ રહ્યું હતું કે આ કેટલી ભારે છે. થોડીવાર પછી તેમણે કહ્યું, "હવે તમે પ્રયાસ કરો." હું પણ મદદ કરવા લાગી. જ્યારે જાળને પાછી ઉપર ખેંચવાની વારો આવ્યો - ત્યારે સમજાયું કે આ કેટલું મુશ્કેલ કામ છે. તે માટે ખરેખર બહુ શક્તિ જોઈએ. એ અનુભવ મારા માટે ખૂબ જ અલગ હતો.

તેમણે પછી મને એમને ત્યાં એમની ડોલમાં પડેલી માછલી બતાવી અને મેં માછલી જોઈ ને પૂછ્યું, "આ કઈ માછલી છે?"

તે હસ્યા અને કહ્યું, "આ કેટફિશ છે."

મે એમને પૂછયું કે આ નામ કેમનું પડયું?

પછી તેણે મને સમજાવ્યું કે આ માછલીને "કેટફિશ" કેમ કહેવામાં આવે છે. તેણે માછલીના મોઢા પાસેના લાંબા પાતળા વાળ જેવા ભાગ બતાવ્યા. એ ભાગ બિલાડીની મૂછ જેવા લાગતા હતા. તેણે કહ્યું કે બિલાડીની જેમ આ માછલીના મોઢા પાસે પણ મૂછ જેવી રચના હોય છે અને તેથી તેનું નામ કેટફિશ પડયું.

પછી હું બોટ પરથી ઉતરી અને દરિયાકિનારે ચાલવા લાગી. ફોર્ટ કોચી બીચ પહોંચી, જ્યાં લોકો ખાસ કરીને સાંજે ફરવા અને સમય પસાર કરવા આવે છે. સમુદ્રની હવા, ધીમે ધીમે અસ્ત થતો સૂર્ય અને લોકોની હળવી ચહલપહલ...હું ત્યાં થોડો સમય શાંતિથી બેસી રહી. સૂર્યાસ્ત જોયો. એ પળ ખૂબ શાંત અને સુંદર હતી.

થોડીવાર પછી મારુ NGO વાળું ટ્રાવેલ ગ્રુપ પણ ત્યાં હતું. હું તેમને મળી. આ રીતે મારી સોલો મુસાફરીનો એક નવો ભાગ - હવે ગ્રુપ ટ્રાવેલમાં બદલાવા જઈ રહ્યો હતો. ત્યાં પહોંચીને મેં જોયું કે કુલ છ લોકો હતા, અને તેઓ બે નાના ગ્રુપમાં આવ્યા હતા. એક ગ્રુપમાં ત્રણ મિત્રો હતા - તેઓ રાજકોટમાંથી

આવ્યા હતા. બીજું ગ્રુપ ભાવનગરમાંથી આવ્યું હતું. શરૂઆતમાં અમે બધા થોડા અજાણ્યા હતા, પરંતુ મુસાફરીમાં અજાણ્યા લોકો સાથે ઓળખાણ થવામાં બહુ સમય લાગતો નથી. ધીમે ધીમે વાતચીત શરૂ થઈ. અમે એકબીજાને પૂછ્યું - કોણ શું કરે છે?, ક્યાંથી આવ્યા છે, અને આ ટ્રિપ માટે કેમ આવ્યા?

મને ખબર પડી કે તેમાંના ત્રણ મિત્રો MBBSના વિદ્યાર્થી હતા. બાકીના બે પોતાનો બિઝનેસ કરતા હતા અને એક વ્યક્તિ નોકરીમાં હતો. દરેકની પોતાની અલગ કહાની હતી, અલગ કારણ હતું મુસાફરી પર આવવાનું. કોઈ માટે આ બ્રેક હતી, કોઈ માટે નવી જગ્યા જોવા નો શોખ, અને કોઈ માટે મિત્રો સાથે સમય પસાર કરવાનો મોકો. મને અંદરથી થોડું સારું લાગ્યું કારણ કે શરૂઆતમાં જ્યારે મને ખબર પડી હતી કે ટ્રિપમાં હું એકલી જ છોકરી છું, ત્યારે થોડો સંકોચ અને ચિંતા હતી. પરંતુ તેમને મળ્યા પછી એવું લાગ્યું કે આ લોકો સરળ અને સારા છે. વાતોમાં એક સારો માહોલ હતો. આ રીતે ફોર્ટ કોચીનો દિવસ પૂરો થયો - નવી જગ્યાઓ, નવા અનુભવ અને હવે નવા લોકો સાથે.

હવે મારી સોલો ટ્રાવેલનો એક ભાગ પૂરો થઈ રહ્યો હતો, અને આગળની મુસાફરી હવે આ નવા મિત્રો સાથે શરૂ થવાની હતી. આમ સોલો પણ ગ્રુપ સાથે...!

# 9. મુન્નાર – ચા બાગ અને પહાડોની વચ્ચે

સવારમાં હોટેલની બહાર એક ટેમ્પો ટ્રાવેલર આવીને ઊભી રહી હતી. હવે અમારી કેરળ ટ્રિપની શરૂઆત થવાની હતી. અને અમે કોચીથી મુન્નાર જવાના હતા - એક સુંદર હિલ સ્ટેશન, જ્યાં પહોંચવા લગભગ ચાર કલાકનો પ્રવાસ હતો. મને અંદરથી ખૂબ ઉત્સાહ હતો. થોડા દિવસોથી ગરમ હવામાનમાં ફર્યા પછી ફરીથી ઠંડા, પહાડી વાતાવરણમાં જવાનું હતું. બસમાં બેસતા જ બધા વચ્ચે હળવી વાતો શરૂ થઈ ગઈ. હવે અમે બધા એકબીજાને થોડાક ઓળખવા લાગ્યા હતા.

કોચી શહેર પાછળ છૂટતું ગયું… અને ધીમે ધીમે રસ્તા પહાડો તરફ વળવા લાગ્યા. રસ્તામાં હરિયાળી વધતી જતી હતી. ક્યારેક નાનાં ગામો, ક્યારેક જંગલ જેવા રસ્તા, અને વચ્ચે વચ્ચે અચાનક દેખાતા ઝરણાં. એક જગ્યાએ બસ ઊભી રાખી કારણ કે રસ્તાની બાજુમાં ખૂબ સુંદર ધોધ હતો. અમે થોડોક સમય ત્યાં ઊભા રહીને ફોટા લીધા અને ફરી મુસાફરી ચાલુ કરી. અમારા ડ્રાઈવર બહુ જાણકાર હતા. રસ્તામાં તેઓ અમને મુન્નાર વિશે, ત્યાંની ચા બાગ વિશે, અને આસપાસની જગ્યાઓ વિશે ઘણી માહિતી આપતા હતા.

થોડીવાર પછી તેઓ અમને રસ્તામાં આવતી એક રસપ્રદ જગ્યાએ લઈ ગયા. ત્યાં જઈને કહ્યું કે, તળાવમાં વાંસની

બોટમાં બેસીને પગ પાણીમાં મૂકવાના અને પછી નાની નાની માછલીઓ આવીને પગની આસપાસ ફરતી હોય એવો અનુભવ થશે. મને એમ કે, "ફિશ સ્પા જેવું કંઈ હશે." આ સાંભળીને તો અમે બધા જ ઉત્સુક થઇ ગયા. અમે ત્યાં પહોંચ્યા, ટિકિટ લીધી અને અંદર ગયા. વાંસની બોટમાં બેસીને જ્યારે અમે પગ પાણીમાં મૂક્યા... થોડા સમય પછી ખરેખર ઘણી મોટી માછલીઓ આવી. પહેલા તો મને લાગ્યું કે ફિશ સ્પા થશે, પણ પછી સમજાયું કે માછલીઓ અમારી પાસે આવી રહી હતી કારણ કે અમે તેમને ખોરાક આપતા હતા. પણ છતાં... એ અનુભવ ખૂબ મજાનો હતો. પાણી, હાસ્ય અને માછલીઓ - એક અલગ જ મજા આવી ગઈ.

આ પછી અમે ફરી આગળ નીકળ્યા અને મુન્નાર પહોંચ્યા. ત્યાં પહોંચતા જ અમે જીપ સફારી કરવાનું નક્કી કર્યું. લગભગ ૩-૪ કલાકની સફારી હતી. જીપમાં બેસીને પહાડો તરફ ચઢવાનું શરૂ થયું. રસ્તા વળાંકવાળા અને થ્રિલિંગવાળા હતા. પહાડોના ટોપ પરથી મુન્નારનું દૃશ્ય અદ્ભુત દેખાતું હતું - ચારે તરફ હરિયાળી પહાડ, ધુમ્મસની હળવી લાઈન અને દૂર સુધી ફેલાયેલું કુદરતનું સૌંદર્ય...!

અને પછી આવ્યું મુન્નારનું સૌથી ખાસ દ્રશ્ય - ચા બાગ.

ઢાળવાળા પહાડ પર ખૂબ સુંદર રીતે ગોઠવાયેલા લીલાછમ ચાના બાગ - જાણે કુદરતે કોઈ આર્ટ બનાવી હોય. આ પેટર્ન એટલું સુંદર લાગતું હતું કે આંખો ત્યાંથી હટતી જ નહોતી.

ઉત્સુકતામાં મે એક ચાનું પાન તોડી ને ચાખી પણ લીધું. અને એનો સ્વાદ તો બિલકુલ સારો નહતો! બધા હસવા લાગ્યા...! અને હું પણ. આ જગ્યા ફોટા લેવા માટે પરફેક્ટ હતી. અમે ત્યાં ઘણો સમય વિતાવ્યો - ફોટા લીધા, આસપાસ ફર્યા અને દ્રશ્યનો ભરપૂર આનંદ લીધો.

સફારી દરમિયાન અમને ફરી એક સુંદર ધોધ મળ્યો. પાણી ઠંડું અને સ્વચ્છ હતું. અને તેમાં ઘણી નાની માછલીઓ તરતી હતી. આ વખતે તો ખરેખર કુદરતી ફિશ સ્પા મળી ગયો! અમે બધાએ પાણીમાં પગ મૂક્યા... અને નાની માછલીઓ આવીને અમારા પગની આસપાસ ફરવા લાગી. ઝરણાંનો અવાજ, ઠંડું પાણી અને એ નાની માછલીઓ - ખરેખર ખૂબ મજાનો અનુભવ હતો.

સફારી અમને એવી જગ્યાએ પણ લઈ ગઈ કે ત્યાં નજીકના જંગલ વિસ્તારમાં સાંજે વન્ય હાથીઓ પાણી પીવા આવે છે. અમે ત્યાં પહોંચ્યા. સાંજનો સમય હતો. એક નદીની બાજુમાં ઘણા લોકો ઊભા હતા - બધા રાહ જોઈ રહ્યા હતા. અમે પણ ત્યાં ઊભા રહી ગયા. લગભગ ૩૦ મિનિટ પસાર થઈ ગઇ. મેં ત્યાં ઊભેલા કેટલાક લોકોને પૂછ્યું. તેમણે કહ્યું, "અમે તો ચાર કલાકથી રાહ જોઈ રહ્યા છીએ... હજુ સુધી આવ્યા નથી." એ સાંભળીને થોડીક ખુશી થઈ કે હજુ બહાર આવ્યા નથી. પછી અમે વિચાર્યું - ચાલો, અડધો કલાક વધુ રાહ જોઈએ.

અને પછી...અચાનક જંગલની અંદરથી એક હાથી દેખાયો. થોડીવારમાં બીજો...પછી ત્રીજો...ચોથો...અને આખું એક પરિવાર. અને તેમાં નાનો બેબી હાથી પણ હતો. એ ક્ષણ શબ્દોમાં કહેવી મુશ્કેલ છે. એટલી ક્યૂટ, એટલી અદભુત... જાણે શ્વાસ અટકી જાય એવી ક્ષણ હતી.

બધા લોકો શાંત થઈ ગયા. માત્ર હાથીઓની હળવી ગર્જના સંભળાતી હતી. થોડીવાર પછી બીજા હાથીનાં ફેમિલી પણ આવી ગયાં. બધા મળીને પાણી પી રહ્યા હતા. એક સમયે તો બે હાથીઓ વચ્ચે થોડીક લડાઈ જેવું પણ થયું - જાણે કુદરતનો જીવંત દૃશ્ય અમારી સામે ચાલી રહ્યો હોય. અમે લગભગ ૨૦-૨૫ મિનિટ ઊભા રહ્યા. અને જ્યારે અમે પાછા ફરવાનું નક્કી કર્યું... ત્યારે દિલમાં એક જ વિચાર હતો - "આ ક્ષણ માટે હું ખરેખર ભાગ્યશાળી છું."

અમે અમારી હોટેલ તરફ નીકળ્યા. હોટેલની લોકેશન - પહાડ પર હતી. બાલ્કનીમાંથી જોતા આખું મુન્નાર દેખાતું હતું. ઠંડી હવા, શાંત વાતાવરણ અને આખા દિવસના અનુભવો હતા...

બીજા દિવસે સવારે અમે ફરી મુસાફરી માટે નીકળ્યા. રસ્તામાં બંને બાજુ જ્યાં નજર જાય ત્યાં સુધી માત્ર ચાના બાગ અને હરિયાળા પહાડો જ દેખાતા હતા. એ દ્રશ્ય એટલું સુંદર હતું કે બસની બારીમાંથી બહાર જોયા જ કરીએ અને મન શાંત થઈ જાય.

થોડા સમય પછી અમે એક ખાસ ચા બાગ પાસે પહોંચ્યા - અહીં Chennai Express ફિલ્મનું પ્રખ્યાત ગીત Kashmir Main Tu Kanyakumariનું શૂટિંગ થયું હતું. આ ચા બાગ બહુ સરસ હતો. દૂર દૂર સુધી ફેલાયેલા ચાના છોડ, આસપાસ ઊભેલા પહાડો અને ફોટા પાડતા પ્રવાસીઓ - આ બધું મળીને એક સુંદર દ્રશ્ય બનતું હતું.

અહીં અમે લગભગ એક કલાકનો સમય વિતાવ્યો હતો. બાગની બહાર નાળિયેરના પાણીની ૨-૩ નાની દુકાનો હતી. ગુજરાતમાં સામાન્ય રીતે લીલા નાળિયેર જોવા મળે છે પરંતુ અહીં કેરળમાં નાળિયેર નારંગી રંગના હતા. મને આ વાત ખૂબ રસપ્રદ લાગી. પછી મેં નાળિયેરનું પાણી લીધું અને એક શાંત જગ્યાએ બેસી ગઈ - હાથમાં નાળિયેરનું પાણી અને સામે કુદરતનો અદભૂત નજારો.

હું આસપાસના લોકો, કુદરત અને મારા મનમાં આવતા વિચારોને શાંતિથી નિહાળતી રહી. એ ક્ષણ ખૂબ શાંત હતી.

થોડી વાર પછી અમે ફરી આગળ નીકળ્યા - હવે અમારી મુસાફરી આગળ વધી રહી હતી થેક્કડી તરફ.

# 10. થેક્કડી – કેરળની સંસ્કૃતિ અને આયુર્વેદનો અનોખો અનુભવ

હવે અમે થેક્કડી તરફ જવા માટે નીકળી ગયા. રસ્તામાં જતાં મને યાદ આવ્યું કે હજુ સુધી મેં ત્યાંની સ્થાનિક ચા પીધી નહોતી. તેથી રસ્તામાં એક જગ્યાએ અમે ઊભા રહી ત્યાંની ઓરિજિનલ ચા પીધી. ચા બનાવવાની રીત પણ થોડીક અલગ લાગી - એક બાજુ ચા પત્તી ઉકાળવામાં આવતી હતી અને બીજી બાજુ દૂધ તૈયાર કરવામાં આવતું હતું, પછી બંનેને કપમાં મિક્સ કરીને આપતા હતા. સ્વાદ પણ થોડો અલગ હતો. અહીં ચા નો સ્વાદ વધારે સ્પષ્ટ રીતે અનુભવાતો હતો.

ત્યાર પછી ફરી અમારી મુસાફરી શરૂ થઈ. રસ્તામાં અમે બધા એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા. એ દરમિયાન એક વ્યક્તિની ખૂબ જ અસરકારક સ્ટોરી સાંભળવા મળી. તેણે જણાવ્યું કે ૨૦૨૫માં અમદાવાદમાં થયેલા Air India ફ્લાઇટ ક્રેશ દરમિયાન જે હોસ્ટેલ પર પ્લેન પડ્યું હતું, ત્યારે તે એ જ હોસ્ટેલની ભોજનલયમાં જમી રહ્યો હતો. આ દુર્ઘટનામાં તે ઘાયલ થયો હતો અને તેને ગંભીર ઈજાઓ પણ થઈ હતી. તે સમય તેના અને તેના પરિવાર માટે ખૂબ મુશ્કેલ રહ્યો હતો. પરંતુ હવે તે સાજો થઈ ગયો છે અને ફરી જીવનનો આનંદ લઈ રહ્યો છે. તેની વાત સાંભળીને એ કહીશ કે જીવનમાં કેટલા

અણધાર્યા પડકારો આવે છે, પણ માણસ ફરી ઊભો થઈ જાય છે.

થોડી વાર પછી અમે થેક્કડી પહોંચ્યા અને ત્યાંના પ્લાન વિશે વિચારવાનું શરૂ કર્યું. કેરળ ખાસ કરીને કથકલી અને પરંપરાગત માર્શલ આર્ટ કલરીપયટ્ટુ માટે ખૂબ પ્રખ્યાત છે. તેથી અમે નક્કી કર્યું કે સાંજે આ બંને જોવા જવું. સાંજનો સમય બિલકુલ પરફેક્ટ હતો. અમે પહેલા કથકલી પરફોર્મન્સ જોવા ગયા. જોરદાર હતું...! માત્ર આંખો અને શરીરના હાવભાવ દ્વારા કલાકારો સંપૂર્ણ વાર્તા કહી રહ્યા હતા. ખાસ કરીને તેમની આંખોની અભિવ્યક્તિ અને ચહેરાના હાવભાવ જોઈને હું ખૂબ પ્રભાવિત થઈ ગઈ. આ કલામાં કેટલી મહેનત અને પ્રેક્ટિસ જોવતી હશે તે સ્પષ્ટ દેખાતું હતું. તેમની વેશભૂષા, મેકઅપ અને પ્રેઝન્ટેશન - બધું જ પરફેક્ટ હતું. મને કથકલી ખૂબ જ ગમ્યું.

ત્યારબાદ અમે માર્શલ આર્ટ - કલરીપયટ્ટુ પણ જોયું. તે ખૂબ એનર્જેટિક અને પાવરફુલ હતું. માર્શલ આર્ટના થોડા સ્ટેપ્સ મેં પહેલા પણ ક્યાંક જોયેલા હતા, તેથી મને બહુ આશ્ચર્ય ન થયું. પણ કથકલી જોતાં તો "વાહ" ફીલિંગ આવી ગઈ.

કેરળની બીજી એક ખૂબ પ્રસિધ્ધ પરંપરા છે - આયુર્વેદિક સ્પા અને મસાજ. મને લાગ્યું કે કેરળ આવીને જો આ અનુભવ ન કરું તો મુસાફરી અધૂરી રહેશે. તેથી મેં આયુર્વેદિક સ્પા કરવાનો નિર્ણય લીધો. લગભગ ત્રણ કલાકનો આ અનુભવ

રહ્યો. પછી જ્યારે હોટેલ પર પાછી આવી ત્યારે એટલું રિલેક્સ લાગતું હતું કે મસ્ત ઊંઘ આવી ગઈ.

બીજા દિવસે અમે થેક્કડીમાં ફરવા નીકળ્યા. પહેલા અમે મસાલાની દુકાન પર ગયા કારણ કે આ જગ્યા મસાલા માટે ખૂબ જાણીતી છે. ત્યાર પછી અમે ચોકલેટ ફેક્ટરીમાં ગયા, જ્યાં અમને ચોકલેટ બનાવવાની મશીનરી અને આખી પ્રક્રિયા ડેમો સાથે જોવા મળી. આ અનુભવ પણ ખૂબ રસપ્રદ રહ્યો. ત્યારબાદ હું એક સિલ્ક સાડી હેન્ડલૂમમાં ગઈ, જ્યાં મેં નજીકથી જોયું કે સાડી કેવી રીતે બનાવવામાં આવે છે. આખી પ્રક્રિયા સમજવી ખૂબ જ રસપ્રદ લાગી. અંતે મને એક સાડી ખૂબ ગમી - કેરળની પરંપરાગત ઓફ-વ્હાઈટ સાડી પર ગોલ્ડન બોર્ડર. મેં એ સાડી ખરીદી, અને તે મારી માટે આ મુસાફરીની એક સુંદર યાદગાર બની ગઈ.

# 11. એલેપ્પી – બેકવોટર અને શાંતિભર્યું જીવન

બીજા દિવસે અમે અમારી મુસાફરી આગળ વધારી. હવે અમારી સફર જઈ રહી હતી અલપ્પુઝા તરફ, જેને “પૂર્વનો વેનિસ” તરીકે ઓળખવામાં આવે છે, - રસ્તામાં બંને બાજુ લાંબા લાંબા રબર લેટેક્સના ઝાડ. જ્યાં નજર જાય ત્યાં સુધી આ ઝાડની લાઇન હતી. મને પહેલીવાર રબરના ઝાડ જોવા મળ્યા. કુદરત અહીં દરેક વળાંક પર કંઈક નવું સૌંદર્ય બતાવી રહી હતી.

અલપ્પુઝા જતાં રસ્તામાં અચાનક મારા મનમાં એક વિચાર ફરી રહ્યો હતો કે “અહીંની લોટરી કેવી રીતે કામ કરે છે?” મેં તરત જ અમારા ડ્રાઈવર ભાઈને પૂછ્યું, “ટિકિટ કેટલાની હોય? કોણ જીત્યું તે કેવી રીતે ખબર પડે? અને સાચે જ જીતનારને પૂરાં પૈસા મળે છે કે નહીં?” તેમણે હસીને ખૂબ શાંતિથી સમજાવ્યું કે Kerala State Lotteries એક સરકારી યોજના છે, જે કેરળ સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. અહીં લોટરીની ટિકિટ સામાન્ય રીતે ₹૩૦ થી શરૂ થાય છે. (જે મને ખબર છે ત્યાં સુધી) કેટલીક ખાસ ડ્રો માટે ₹૧૦૦ , ₹૨૦૦ અથવા તેથી વધુ કિંમતની ટિકિટ પણ હોય છે - અને ટિકિટની કિંમત જેટલી વધારે, ઇનામની રકમ પણ એટલી મોટી હોઈ શકે.

દરરોજ અથવા નક્કી કરેલા દિવસોમાં ડ્રો થાય છે. જીતનાર નંબર સત્તાવાર વેબસાઈટ અને સમાચારપત્રોમાં જાહેર થાય છે. કોઈપણ વ્યક્તિ પોતાનો ટિકિટ નંબર તે સૂચિ સાથે મેળવી શકે છે. નાના ઇનામ માટે અધિકૃત લોટરી દુકાનમાંથી જ રકમ મળી શકે છે. જ્યારે મોટા ઇનામ માટે સરકારી પ્રક્રિયા દ્વારા ક્લેમ કરવું પડે છે - ઓળખ પુરાવો અને જરૂરી દસ્તાવેજો સાથે. ડ્રાઈવર ભાઈએ વિશ્વાસપૂર્વક કહ્યું, "લોટરીમાં કોઈ ઠગાઈ નથી. જેનો નંબર લાગે, તેને નિયમ મુજબ ઇનામ મળે છે."

થોડા સમય પછી અમે પેટ્રોલ પંપ પર રોકાયા. હું ટેમ્પો ટ્રાવેલરમાંથી નીચે ઉતરી અને ત્યાં એક વૃધ્ધ માતાજી લોટરી ટિકિટ વેચતા હતા. એ ક્ષણે મને લાગ્યું - "ચાલો, એક નાનો અનુભવ લઈએ." મેં તેમની પાસેથી ₹૫૦ ની ટિકિટ ખરીદી. એ માત્ર એક કાગળ નહોતો - એમાં થોડું ઉત્સાહ અને થોડું ભાગ્ય અજમાવવાની મજા છુપાયેલી હતી. સાંજે જ્યારે પરિણામ જોયું ત્યારે દિલ થોડું જોરથી ધડકતું હતું. "કદાચ આજે નસીબ સાથ આપશે?" પણ એવું નહોતું બન્યું. હું જીતી નહોતી પણ ખરેખર કહું તો - મને નિરાશા નહોતી. કારણ કે એ અનુભવ પોતે જ ખાસ હતો. ક્યારેક જીવનમાં જીતવું જ મહત્વનું નથી, પણ કંઈક નવું અજમાવવાની હિંમત રાખવી એ વધુ મહત્વપૂર્ણ છે.

બપોરના સમયે અમે એલેપ્પી પહોંચ્યા. ત્યાં પહોંચતા જ નક્કી કર્યું કે અહીંનો સૌથી ખાસ અનુભવ - બેકવોટર રાઈડ તો કરવી જ. અમે ત્યાં શિકારા બોટ માટે સારી એવી નેગોશિએશન પણ કરી. ત્યાં બે પ્રકારની બોટ રાઈડ મળે છે એક હાઉસબોટ – જેમાં તમે આખો દિવસ અથવા રાત રોકાઈ શકો. આ બોટમાં બેડરૂમ, કિચન, ફૂડ, બધું જ હોય છે. જાણે પાણી પર તરતું નાનું ઘર. બીજી શિકારા બોટ - લગભગ ૪ કલાકની રાઈડ, જેમાં તમે બેકવોટરનો વિસ્તાર શાંતિથી જોઈ શકો. આ નાની બોટ હોય છે, પણ કુદરતને નજીકથી અનુભવવાનો સારો મોકો આપે છે.

અમે શિકારા રાઈડ પસંદ કરી.

બોટ ધીમે ધીમે પાણીમાં આગળ વધવા લાગી અને અહીંથી સાચો અનુભવ શરૂ થયો. સૌથી રસપ્રદ વાત મને એ લાગી કે અહીં ઘણા ઘરો એવા છે કે બંને બાજુ પાણી હોય છે. એટલે લોકો જ્યારે બજાર જવું હોય, સ્કૂલ જવું હોય કે કોઈ કામ હોય - તેમને બોટનો જ ઉપયોગ કરવો પડે. લગભગ દરેક ઘરની બહાર એક નાની બોટ બંધાયેલી હતી. એ જોઈને મને લાગ્યું કે અહીંનું જીવન પાણી સાથે કેટલું જોડાયેલું છે.

જ્યારે બોટ આગળ વધી રહી હતી ત્યારે બંને બાજુ ઊંચા લીલા ઝાડ, પાણીમાં પડતા તેમના પ્રતિબિંબ અને હળવો પવન - આ બધું મળીને એક અદ્ભૂત શાંતિનો અનુભવ થતો હતો. પાણી એટલું શાંત લાગતું હતું કે લાગે જાણે સમય પણ

અહીં ધીમે વહેતો હોય. શહેરની દોડધામથી દૂર, આ જગ્યા મનને સંપૂર્ણ રીતે શાંત કરી દેતી હતી. ક્યારેક દૂરથી હાઉસબોટ પસાર થતી દેખાતી, જેમાં લોકો સંગીત સાંભળતા, ફોટા પાડતા કે ફક્ત કુદરતનો આનંદ માણતા હતા. તે દ્રશ્યો ખૂબ જ સુંદર લાગતા હતા. લગભગ દોઢ કલાક પછી અમે એક જગ્યાએ ફૂડ માટે રોકાયા. ત્યાં ફરીથી એક ઓથેન્ટિક લોકલ ફૂડ ખાવાનો મોકો મળ્યો. અમે બધાને ભૂખ લાગી ગઈ હતી, એટલે આ બ્રેક તો એકદમ યોગ્ય સમયે મળી.

થોડીવાર પછી ફરી બોટ આગળ વધી અને અમે પહોંચ્યા Vembanad Lake પર. આ ભારતનું સૌથી લાંબું અને કેરળનું સૌથી મોટું તળાવ છે. અહીં પહોંચતા જ નજારો બદલાઈ ગયો - ખૂબ વિશાળ પાણીનો વિસ્તાર અને દૂર દૂર સુધી અનેક હાઉસબોટ્સ. ઘણા લોકો ત્યાં પોતાના સમયનો આનંદ માણી રહ્યા હતા. આ જગ્યા પર થોડો સમય રોકાવાનું થયું.

પાછા ફરતા રસ્તામાં એક મજાની જગ્યા પર રોકાવાનું થયું - એક દુકાન પાસે પાડેલા ઈગલ્સ હતા. ત્યાં અમે ઈગલ સાથે ફોટો પાડવાનો મોકો મળ્યો. મારા માટે આ એક અલગ જ અનુભવ હતો અને હું ખૂબ ખુશ થઈ ગઈ. થોડું આગળ એક માણસ માછલી પકડતો હતો. મને જિજ્ઞાસા થઈ એટલે મેં તેને પૂછ્યું કે શું તમે મને ફિશિંગ શીખવી શકો? તેણે ખૂબ પ્રેમથી મને શીખવ્યું. મેં ૩-૪ વખત પ્રયત્ન કર્યો. ત્યારે સમજાયું કે

માછલી પકડવી એટલી સરળ નથી - તે માટે બહુ ધીરજ જોઈએ. પણ તે અનુભવ ખૂબ મજાનો રહ્યો.

પછી ફરી અમારી બોટ ધીમે ધીમે પાછી ફરવા લાગી. વચ્ચે વચ્ચે નાના સ્ટોપ, સુંદર દ્રશ્યો, પાણીની શાંતિ અને મિત્રો સાથેની વાતો- આ બધું મળીને આ બેકવોટરનો અનુભવ મારા માટે ખૂબ ખાસ બની ગયો.

માત્ર આ પ્રવાસસ્થળ નથી - તે પાણી અને આકાશ વચ્ચેનું એક જીવંત સ્વપ્ન છે. અહીંના શાંત બેકવોટર્સમાં હાઉસબોટ ધીમે ધીમે સરકે છે, નાળિયેરના વૃક્ષો પવન સાથે ગીત ગાય છે અને સૂર્યાસ્ત સમયે આકાશના રંગો પાણીમાં ઓગળી જાય છે. એલેપ્પી એ એવી જગ્યા છે જ્યાં સમય થંભી જાય છે અને મનને એક અદભૂત શાંતિનો સ્પર્શ મળે છે. રસ્તામાં જતા જ એક નવો નજારો દેખાવા લાગ્યો. આ રીતે બીચની બાજુમાં, મિત્રોની સાથે હસતાં રમતાં પસાર કરેલી એ સાંજ મારી આ મુસાફરીની યાદોમાં એક સુંદર પાનું બની ગયું.

સાંજ સુધીમાં અમે હોટેલ પર પહોંચી ગયા. હોટેલનું નામ Richard Beach Villa હતું. ત્યાં પહોંચતા જ ફરી એક વખત ઉત્સાહ વધી ગયો, કારણ કે આ વિલ્લાની સૌથી ખાસ વાત હતી - તે સીધો જ બીચની આગળ હતો. એવું લાગતું હતું કે જાણે અમે દરિયાના કિનારે જ રહેવા આવ્યા હોઈએ. દરિયાની હવા, તરંગોની અવાજ અને શાંત વાતાવરણ - આ બધું ખૂબ જ સુંદર લાગતું હતું. થોડો સમય અમે બસ ત્યાં ઊભા

રહીને બીચનો નજારો માણ્યો. લાંબી મુસાફરી પછી આ જગ્યા ખરેખર પરફેક્ટ લાગતી હતી.

રાત્રે જમ્યાં પછી અમે બધા એક સાથે બેઠા અને કાર્ડ્સ રમવા લાગ્યા. હસી મજાક, વાતો અને રમતમાં સમય ક્યારે પસાર થઇ ગયો તેની ખબર ના પડી.

સવાર થતાની સાથે જ હું ઉત્સાહથી ભરાઈ ગઈ. આંખ ખુલતાં જ મનમાં એક જ વિચાર - "આજે તો સીધું દરિયા કિનારે!" કોઈ વિલંબ કર્યા વગર હું દરિયા કિનારે પહોંચી ગઈ. એલપ્પીનો બીચ... તેની લહેરો ખરેખર ખૂબ જ તેજ પ્રવાહવાળી હતી પણ એટલી જ સુંદર પણ. હું કિનારે ધીમે ધીમે ચાલવા લાગી. પગ નીચે ભીની રેતી, સામે અવિરત આવતી-જતી લહેરો અને આકાશમાં ઊડતાં અનેક પ્રકારના પક્ષીઓ - આ બધું મળીને સવારને એક જીવંત ચિત્ર બનાવી રહ્યું હતું. પક્ષીઓના મીઠા કલરવ સાથે એ સવાર કંઈક ખાસ જ લાગી રહી હતી. હું થોડી ક્ષણ માટે બસ લહેરોને નિહાળતી રહી... જીવન પણ કદાચ આવું જ હોય - ક્યારેક તેજ, ક્યારેક શાંત, પણ સતત આગળ વધતું.

એ દરમિયાન મારી નજર એક વિદેશી યુવક પર પડી, જે બીચ પર દોડતો હતો. તેની ઊર્જા અને આત્મવિશ્વાસ જોઈને ઘણી ખુશી થઈ. થોડા સમય પછી હું પાણીમાં ઊતરી. ત્યાં એક વિદેશી દંપતી દરિયાના ઊંડા પાણીમાં જઈને તરવા લાગ્યું. તેમને જોઇને મને થોડું ઈર્ષ્યા જેવું લાગ્યું - કેમ કે મને પણ તરવું

ખૂબ ગમે છે. મને સામાન્ય સ્તરે તરતા આવડે છે, પણ દરિયામાં ઊંડે જવાની હિંમત નહોતી. એ ક્ષણે મેં મનમાં નક્કી કર્યું - "પાછા જઈશ ત્યારે યોગ્ય રીતે સ્વિમિંગ શીખીશ."

રેતી સાથે રમતા, લહેરોમાં ભીંજાતા અને આ સ્વતંત્ર સવારને જીવી લેવાં હું કેટલો સમય ત્યાં રહી, ખબર જ પડી નહીં. એ સવાર માત્ર એક અનુભવ નહોતો... એ મારા માટે એક નાનો સંકલ્પ હતો, એક નવી શરૂઆત જેવી લાગણી હતી.

# 12. વર્કલા – સમુદ્ર કિનારે એકલાં વિચારો

એલેપ્પી છોડતી વેળાએ અમે લોકો થોડાક ઉદાસ હતા. અમારી ટીમ હવે બે ભાગમાં વહેંચાઈ રહી હતી. ત્રણ મિત્રો અને અમારા ડ્રાઈવર ભાઈ કોચી પરત ફરી રહ્યા હતા - કારણ કે તેમનો પ્રવાસ હવે પૂર્ણ થઈ ગયો હતો. તેમની ટ્રિપ ત્યાં સુધીની જ હતી. છેલ્લા પાંચ-છ દિવસમાં જે વાતો, હાસ્ય, અને રમતો અમે સાથે જીવ્યા હતા, તે હવે યાદોમાં ફેરવાઈ રહી હતી. પછી અમે તેમને “બાય” કહ્યું - અમે વર્કલા તરફ અને તેઓ કોચી તરફ. રસ્તામાં બધાએ અનેકવાર યાદ કર્યા કે “કાશ, તેઓ પણ પ્રવાસમાં અમારી સાથે હોત તો કેટલી મજા હોત!”

હવે અમે ૬ જણ - હું, સ્વિફ્ટ ડિઝાયર, ત્રણ મિત્રો અને ડ્રાઇવર, આઠ-નવ બેગ સાથે એલેપ્પીથી વર્કલા તરફ નીકળ્યાં. કારમાં બેગ ગોઠવવી એ પણ એક નાનો એડવેન્ચર હતો! કેટલીક બેગ પગ નીચે, કેટલીક ટ્રંકમાં, અને થોડુંક સામાન ગોદમાં લઈને અમે સફર શરૂ કરી. રસ્તામાં અમે કેરળના પ્રખ્યાત કેળા ચાખ્યા. બે પ્રકારના લીધા - એક નાનકડા લીલા અને બીજું ઓરેન્જ છાલવાળું જાડું કેળું. લીલું કેળું મીઠું અને નરમ હતું, પરંતુ ઓરેન્જ કેળું તો જાણે સીધી ખાંડ ખાઈ રહ્યા હોય એવો સ્વાદ! થોડી વાર પછી બધાને જોરદાર ભૂખ લાગી,

તો અમે McDonald's પર રોકાયા. ત્યાં આલૂ ટિક્કી બર્ગર ખાધા અને ફરીથી વર્કલાની તરફ રવાના થઈ ગયા.

સાંજ પડતા અમે વર્કલા પહોંચ્યાં. હોમસ્ટેમાં ચેક-ઇન કરીને થોડો આરામ કર્યો. પછી લગભગ દોઢ-બે કિલોમીટર ચાલીને વર્કલાના બીચ તરફ નીકળ્યાં. બીચ પર પહોંચતાં જ દિલ ખુશ થઈ ગયું. સ્વચ્છ, શાંત અને સોનેરી વાતાવરણ. દુનિયાભરના પ્રવાસીઓ પાણીમાં મસ્તી કરતા દેખાતા હતા. હું પણ ખુદને રોકી ના શકી અને સીધી પાણીમાં ઉતરી ગઈ! લગભગ એક કલાક સુધી લહેરો સાથે રમતી રહી. એ ક્ષણે જીવનમાં કોઈ ચિંતા નહોતી - માત્ર આનંદ, અને આનંદ. સૂર્યાસ્તનો નજારો તો શબ્દોથી પર હતો. આકાશ ધીમે ધીમે કેસરીયું બનતું ગયું અને સૂર્ય સમુદ્રમાં ઓગળી ગયો. એ દ્રશ્ય આજે પણ આંખો સામે તાજું છે.

રાત્રે અમે સ્વાદિષ્ટ ડિનર કર્યું. હોમસ્ટેનો સ્ટાફ બહુ જ નમ્ર અને મિત્રતાભર્યો હતો. જમ્યાં પછી થોડો સમય આરામ કર્યો અને પછી રાત્રે દસ-અગિયાર વાગ્યાની આસપાસ વર્કલા ક્લિફ તરફ નીકળ્યાં. વર્કલા ક્લિફ રાત્રે એકદમ જીવંત લાગી રહી હતી. એક બાજુ ઊંચા ક્લિફ પર લાઈટોથી ઝગમગતા કેફે અને દુકાનો, બીજી બાજુ નીચે અંધકારમાં શાંત સમુદ્ર. આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની ભીડ, વાતો, સંગીત - બધું એક ફિલ્મી દ્રશ્ય જેવું લાગતું હતું. એક બાબત માત્ર થોડી નિરાશ કરતી હતી - બેસવા માટે ખુલ્લી જગ્યા નહોતી. જો બેસવું

હોય તો કેફેમાં જ જવું પડે. અમે એક કેફેમાં ગયા, પણ એ સમયે બંધ થવાનો સમય હતો. થોડોક અફસોસ થયો, પણ ક્લિફ પર રાત્રે ચાલવાનો અનુભવ જ એટલો સુંદર હતો કે બધી નિરાશા દૂર થઈ ગઈ.

પછી અમે હોમસ્ટે તરફ પાછા ફરી રહ્યા હતા. વોકિંગ ડિસ્ટન્સ જ હતું. રાતનું શાંત વાતાવરણ, ગલીઓમાં ઓછી લાઈટ... અને અચાનક એક કૂતરું અમને જોઈને જોરથી ભસવા લાગ્યું. મને તો પહેલેથી જ કૂતરાનો થોડો ડર લાગે છે! દિલ ધડકતું થઈ ગયું. પાસે જ એક બીજું હોમસ્ટે હતું, ત્યાંથી અમે જોરથી અવાજ કર્યો. અંદરથી લોકો જાગ્યા, અને ત્રણ જણ બહાર આવ્યા. તેઓ અમને સુરક્ષિત રીતે અમારા હોમસ્ટે સુધી મુકવા આવ્યા. એ ક્ષણે સમજાયું કે પ્રવાસમાં અજાણ્યા લોકો પણ ક્યારેક પોતાના બની જતાં હોય છે. અને અચાનક મદદ કરી જતાં હોય છે.

# 13. તિરુવનંતપુરમ – મુસાફરીનો મહત્વપૂર્ણ પડાવ

વર્કલામાં હજુ આખો એક દિવસ બાકી હતો. ત્યારે ખબર પડી કે નજીકમાં જ જટાયુ પૃથ્વીનું કેન્દ્ર આવેલું છે. આ જગ્યા અમારા ટ્રિપ પેકેજમાં નહોતી, છતાં ઉત્સાહ એટલો હતો કે અમે તરત ડ્રાઇવર ને કહ્યું "અમે એક્સ્ટ્રા પૈસા આપીશું પણ અમને જટાયુ લઈ જશો?" તે તૈયાર થઇ ગયા અને સવારે લગભગ દસ વાગ્યે અમે નીકળી ગયા. ત્યાં પહોંચતાં જ ગરમીની અસરો સમજાઈ ગઈ. વધુમાં એ દિવસે કેબલ કાર બંધ હતી, એટલે લગભગ ૮૦૦-૮૫૦ પગથિયાં ચઢીને જ ઉપર જવાનું હતું. હવે એ સાચું એડવેન્ચર શરૂ થયું!

ટિકિટ લેવા બારી પર ગઈ ત્યારે ખબર પડી કે ફક્ત ડેબિટ કાર્ડ જ ચાલે છે - ગૂગલ પે કે અન્ય વિકલ્પ નહોતા. પાછળ ઊભેલા કેનેડાથી આવેલુ એક કપલ ટિકિટ લેવા મૂંઝાઈ રહયું હતું. મેં તેમને મદદની ઓફર કરી. મેં મારી ડેબિટ કાર્ડથી તેમની ટિકિટ પણ લઈ દીધી અને તેમણે મને રોકડ આપ્યું. પછી થોડી વાતચીત થઇ - તેઓ ભારતમાં ફરવા આવ્યાં હતાં. અજાણી જગ્યાએ અજાણ્યા લોકો વચ્ચે આ નાનકડી મદદ.

હવે હું પગથિયાં ચઢવા લાગી. તાપ બહુ હતો પણ ઉત્સાહ વધારે હતો. થોડા વિરામ લેતા લેતા આખરે ઉપર પહોંચી.

પથ્થરની ઊંચી પહાડી પર વિશાળ જટાયુની પ્રતિમા - મસ્ત નજારો! ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો, અને નીચે સુધી ફેલાયેલો વિસ્તાર દેખાતો હતો. જટાયુ મંદિર વિશે જાણ્યું કે રામાયણ મુજબ જ્યારે રાવણે સીતાજીનું અપહરણ કર્યું, ત્યારે જટાયુએ લડત આપી અને તેના પાંખનો એક ભાગ અહીં પડયો હતો - તેની યાદમાં આ સ્થળ પવિત્ર માનવામાં આવે છે. હવે આ એક મોટું ટુરિસ્ટ આકર્ષણ બની ગયું છે. ઉપર બેસવાની જગ્યા પણ હતી. હું દસ મિનિટ માટે શાંતિથી બેસી રહી, પછી થોડા ફોટા લીધા અને મંદિરમાં દર્શન કર્યાં. રસ્તામાં ગુજરાત અને ભારતના અન્ય વિસ્તારોમાંથી આવેલા લોકો મળ્યા - થોડી વાતો થઈ, થોડું સ્મિત વહેંચાયું.

બપોરના લગભગ સાડા બાર વાગ્યે હું નીચે ઉતરવા લાગી. ઝડપથી ૨૦-૨૫ મિનિટમાં પાછી વિઝિટિંગ સેન્ટર આવી. ત્યાં કેફેટેરિયા અને એસીની વ્યવસ્થા હતી. લગભગ એક કલાક ત્યાં બેઠી. બાદમાં અમે કારમાં બેઠા અને ત્રિવેન્દ્રમ તરફ નીકળી પડયાં - કેરળની રાજધાની. શહેર અંગે મારી અપેક્ષા થોડી વધુ હતી કારણ કે મેં પહેલેથી કોચી જોયું હતું, જે વધુ આધુનિક અને વિકસિત લાગ્યું હતું. છતાં દરેક શહેરની પોતાની ઓળખ અને ગતિ હોય છે.

સાંજે અમે એક ઓપન-ટોપ ડબલ ડેકર બસ રાઇડ કરવાનો નિર્ણય કર્યો. રાત્રે લગભગ આઠ વાગ્યે બુકિંગ હતું. હોટેલથી બસ સ્ટોપ જતાં એક મજેદાર ઘટના બની - રિક્ષા ડ્રાઇવરને

હિન્દી-ઇંગ્લિશ આવડતું નહોતું અને અમને મલયાલમ નહીં! થોડો ગોટાળો થયો અને એને અમને ખોટી જગ્યાએ ઉતાર્યા હતા, પછી પૂછતાં સાચી જગ્યા મળી. પ્રવાસમાં આવી નાની મુશ્કેલીઓ પણ યાદગાર બની જતી હોય છે.

ડબલ ડેકર બસ આવી - ઓપન ટોપ, ઠંડો પવન અને લાઈટોથી ઝગમગતું શહેર. બસમાં ઘણાં લોકો હતા. ગાઇડ રસ્તામાં આવતાં મુખ્ય સ્થળો બતાવી રહ્યા હતા - સરકારી ઑફિસ, મંદિરો, લૂલુ મોલ, એરપોર્ટ અને અન્ય ઈમારતો. બસમાં મ્યુઝિક શરૂ થયું. માઇક ફરતું હતું - બે આન્ટીઓએ મલયાલમ ગીત ગાયું. અમારા ગ્રુપમાંથી એક મિત્રએ પણ ગીત ગાયું. પછી મને લાગ્યું - "ચાલ, હું પણ પ્રયાસ કરું!" જીવનમાં પહેલીવાર જાહેરમાં ગીત ગાયું. અવાજ બહુ પરફેક્ટ નહોતો પણ દિલથી ગાયું. અને મેં પ્રયત્ન કર્યો. આ ડબલ ડેકર રાઇડ ખરેખર વર્થ હતી. રાત્રે ઠંડી હવા, શહેરની લાઇટો, ગીતો અને હાસ્ય - આ બધું મળીને ત્રિવેન્દ્રમની એ સાંજને ખાસ બનાવી ગઈ હતી.

ત્રિવેન્દ્રમમાં બીજા દિવસે અમારું મુખ્ય આકર્ષણ હતું – શ્રી પદ્મનાભયસ્વામી મંદિર. આ મંદિર વિશે મેં પહેલેથી ઘણું સાંભળ્યું હતું - વિશ્વના સૌથી સમૃધ્ધ મંદિરોમાંનું એક. તેથી અહીં આવવાની ઉત્સુકતા ખાસ જ હતી. હું તો ખાસ આ દિવસ માટે સાડી ખરીદી લાવી હતી કારણ કે અહીં ડ્રેસ કોડ ખૂબ જ કડક છે. ભારતીય વસ્ત્ર જ મંજૂર - સ્ત્રીઓ માટે સાડી,

અને પુરુષો માટે ધોતી/લૂંગી. જો પશ્ચિમી કપડાં પહેર્યાં હોય તો ઉપરથી લૂંગી ફરજિયાત વીંટાડવાની. એટલે મેં નક્કી કર્યું કે હું સાડી જ પહેરીશ. સાડી પહેરીને જ્યારે હું મંદિરના પ્રવેશદ્વાર પાસે પહોંચી, ત્યારે એક અલગ જ પવિત્રતા અને ગૌરવનો અનુભવ થયો.

મંદિરમાં મહિલાઓ માટે અલગ લાઇન હતી. ભીડ બહુ હતી પણ વ્યવસ્થા સચોટ હતી. દર્શનનો સમય ચોક્કસ હોય છે - વચ્ચે ૩૦ મિનિટ કે ૧ કલાક માટે મંદિર બંધ પણ થાય છે. સદનસીબે હું યોગ્ય સમયમાં પહોંચી ગઈ હતી. લાંબી કતારમાં ઊભી રહીને હું આસપાસના લોકો, તેમનો શ્રધ્ધાભાવ અને શાંતિપૂર્વકની રાહ જોયા કરતી નજરોથી બધું નિહાળતી હતી. આ મંદિર ભગવાન વિષ્ણુને સમર્પિત છે. ૨૦૧૧માં મંદિરના ભંડારગૃહોમાંથી અદભુત ખજાનો મળી આવ્યો - સોનાના આભૂષણો, મૂર્તિઓ, રત્નો અને અણમોલ નગદ. તેથી આ મંદિરને વિશ્વના સૌથી ધનિક મંદિરોમાં સ્થાન મળ્યું. ભગવાન પદ્મનાભનો દર્શન ત્રણ દ્વારથી થાય છે - પ્રથમ દ્વારમાં મુખ, બીજા દ્વારમાં મધ્યભાગ અને ત્રીજા દ્વારમાં પગ. અંદર કોઈ ભવ્ય ચમકદમક નહોતી - ખૂબ જ સાદગી, પણ અદ્‌ભૂત દિવ્યતા હતી એ નક્કી...!

ત્રિવેન્દ્રમમાં અમે લોકો 'મધર્સ વેજ પ્લાઝા' ખાતે લંચ માટે ગયા. આ ત્યાંનું ખૂબ જ પ્રખ્યાત શાકાહારી રેસ્ટોરન્ટ છે, ખાસ કરીને પરંપરાગત Kerala Sadya માટે જાણીતું. આજે હું ખૂબ

જ ઉત્સુક હતી કારણ કે પહેલેથી જ કેળાનું પાન મારી સામે પથરાયું અને એ જ ક્ષણે સમજાઈ ગયું કે આજનો અનુભવ ખાસ રહેવાનો છે. પછી એક પછી એક વાનગીઓ આવતી જ ગઈ... કેળાના વેફર્સ, નાનું કેળું, તળેલા મરચાં, ચાર પ્રકારના પિકલ, ચાર ચટણી, ત્રણ શાક અને ગરમ ભાત. થોડા સમયમાં દાળ આવી. દાળ પૂરી થાય એ પહેલાં જ સંભાર આવી ગયો. એ પછી તો મીઠાઈઓનો વારો - ચાર અલગ અલગ મીઠાઈ, એક પછી એક પીરસાતી. દરેકને ખાવાની રીત પણ અલગ! હું તો અડધું સમજું, અડધું શીખું અને અડધું માણું - એટલું બધું હતું કે... પછી રસમ આવી... અને બે નાની વાટકીમાં કંઈક વધુ પણ આવ્યું જેના નામ મને સમજાયા નહીં પણ બધું ભાત સાથે જ ખાવાનું. સાથે પાપડ તો હતો જ!

આ બધું ખાતી વખતે મને હાસ્ય પણ આવતું અને મજા પણ આવતી. "હવે આગળ શું આવશે?" એ ઉત્સુકતા સતત જળવાઈ રહી. સદનસીબે, અમારી પાસે એક વ્યક્તિ હતો જે અમને સમજાવતો હતો કે કઈ વાનગી કોની સાથે ખાવાની. નહીં તો હું તો ગૂંચવાઈ જ જાત! પેટ તો વહેલું જ ભરાઈ ગયું હતું પણ મન હજી અનુભવમાં ડૂબેલું હતું. આ માત્ર જમવાનું નહોતું એ એક સંસ્કૃતિનો, પરંપરાનો અને સ્વાદનો ઉત્સવ હતો. અને ખરેખર... આ અનુભવ યાદગાર રહ્યો.

# 14. કોવલમ બીચ – આરામ અને સુંદરતા

સાંજે અમે લોકો આઝિમાલા શિવ મંદિર પહોંચ્યા. ત્યાંનું દ્રશ્ય જોઈને મન શાંત થઇ ગયું. દરિયાની સામે ઊભેલું મંદિર, પાછળ અથડાતી લહેરોનો અવાજ અને આકાશમાં સાંજનો સુહાવો રંગ - આખું વાતાવરણ જ આધ્યાત્મિક હતું. દર્શન કર્યા પછી જ્યારે મેં ભગવાન શિવજીની વિશાળ પ્રતિમા જોઈ... હું તો એક ક્ષણ માટે સ્થિર જ રહી ગઈ. કેટલી અદભુત કળા! પ્રતિમાના દરેક ભાગમાં સૂક્ષ્મતા સાથે દરેક વિગત એટલી જીવંત રીતે દર્શાવવામાં આવી છે કે આંખો હટતી જ નહોતી. ભગવાન શિવજીના ગળામાં સાપ સુંદર રીતે વળાંક લઈ ને બેઠેલો એ સાપની ખાલમાં નાના નકશા સુધીની સ્પષ્ટતા દેખાતી. ગળામાં રુદ્રાક્ષની માળા, દરેક દાણા અલગ દેખાય એવી કારીગરી. જટામાંથી નીકળતી ગંગા, અર્ધચંદ્ર શોભતો, કપાળ પર ત્રીજું નેત્ર - બધું જ જીવંત લાગતું. હાથમાં ત્રિશૂલ અને ડમરુ, અને આખી પ્રતિમાની ભવ્યતા એવી કે જાણે ભગવાન શિવજી સાક્ષાત્ સમુદ્રની રક્ષા કરી રહ્યા હોય. પ્રતિમાની પાછળ ફેલાયેલો વિશાળ અરબી સમુદ્ર...! અને લહેરોનો મધુર ગર્જન એ અનુભવ શબ્દોમાં બાંધવો મુશ્કેલ છે. પવનમાં મીઠાશ હતી અને મનમાં શાંતિ હતી.

પછી અમે કોવલમ બીચ પર પહોંચ્યા. આ બીચ વર્કલા બીચ જેવો લાગતો હતો, પણ અહીં થોડી વધુ ભીડ હતી. લોકોનો

ઉલ્લાસ, બાળકોની રમઝટ અને દરિયાની અનંત લહેરો - બધું જ જીવંત લાગતું. હું પણ પાણી જોડે રમવા લાગી ગઈ. ક્યારેક લહેરો શાંત આવતી તો ક્યારેક અચાનક જોરથી અથડાતી - અને એ ક્ષણનો જે થ્રિલ અનુભવાતો, એ તો ગજબ! કલાકો સુધી પાણીમાં રમ્યા. રેતીમાં પગ દબાવીને બેસવાની, માટીમાં રમવાની જે મજા એ બાળપણ ફરી જીવતા હોવાનો અહેસાસ કરાવતી. ત્યાં જ યુપીના એક આંટી મળ્યા. એમની સાથે વાતો કરવાની પણ મજ્જા આવી.

આ અમારી કેરળ ટ્રિપનો છેલ્લો દિવસ હતો. બીજા દિવસે ઘરે પરત ફરવાનું હતું. મનમાં એક સંતોષ હતો કે આ સફર માત્ર સ્થળોની નહોતી પરંતુ અનુભવોની, લોકોની અને ભીતરના આનંદની પણ હતી.

મને સાચ્ચે દિલથી લાગ્યું કે આ ટ્રિપમાં મને ખૂબ સારી કંપની મળી. સૌએ એકબીજાનું માન રાખ્યું, સાથે હસ્યા, મજા કરી અને કદાચ એ જ કોઈ પણ મુસાફરીને ખાસ બનાવે છે.

કેરળને અલવિદા કહી રહી હતી... પણ દિલમાં એની લહેરો હજી પણ ગુંજતી હતી.

# 15. તિરુવનંતપુરમથી અમદાવાદ – ઘરે પરત ફરતી વેળાએ..!

તિરુવનંતપુરમથી અમદાવાદ સુધીની મારી પરત ફરતી ટ્રેન સફર શરૂ થઈ. લગભગ ૩૬ કલાકની લાંબી યાત્રા. હવે મનમાં આ આખી મુસાફરીની ઘણી યાદો હતી. દરેક શહેર, દરેક મંદિર, દરેક બીચ... બધું જ મનમાં ફરી ફરી જીવંત થઈ રહ્યું હતું.

ટ્રેનમાં મને એક રસપ્રદ પરિવાર મળ્યો. તેઓ મૂળ તિરુવનંતપુરમના હતા પણ વર્ષોથી ગોવામાં રહેતા હતા. એ ભાઈ, તેમનો પાંચ વર્ષનો નાનકડો દીકરો અને તેમની વયસ્ક માતા - ત્રણેય સાથે મુસાફરી કરી રહ્યાં હતાં. શરૂઆતમાં તેમની માતા સાથે સામાન્ય વાતોથી ઓળખાણ થઇ "ક્યાંથી આવો છો?" "ક્યાં જાઓ છો?" એવી સરળ વાતોથી.

થોડીવાર પછી તેમના દીકરા સાથે લાંબી ચર્ચા શરૂ થઈ. તેઓ ગોવામાં પોર્ટ ઓફિસર તરીકે કામ કરી રહ્યા છે. ત્યાર પછી તો વાતોનો એક નવો જ દરિયો ખુલ્યો. કેરળની રાજનીતિ, ત્યાંનું સંસ્કૃતિજીવન, બિઝનેસ સિસ્ટમ, ભારતની રાજનીતિ, મોટા બિઝનેસમેન અને તેમની સરકાર સાથેના જોડાણ, યુએસ પોલિટિક્સ એ ઉપરાંત એપ્સ્ટીન ફાઈલ જેવી આંતરરાષ્ટ્રીય

ચર્ચાઓ સુધી વાત પહોંચી ગઈ. પછી ગુજરાતનો ઈતિહાસ, તેમના અને મારા કામના અનુભવો.

આટલી બધી વાતો થઈ કે બધા વિષયો અહીં લખવા શક્ય નથી. પણ એક વાત ચોક્કસ હતી કે આ ચર્ચા ખૂબ જ પ્રોડક્ટિવ અને માહિતીસભર હતી. તેમની પાસેથી મને ઘણી નવી માહિતી મળી. વચ્ચે વચ્ચે તેમના નાનકડા દીકરા સાથે રમવાનો અને સમય પસાર કરવાનો પણ ખુબ આનંદ આવ્યો. મુસાફરીનો સમય કેવી રીતે પસાર થઈ ગયો એ ખબર જ પડી નહીં. ગોવાનું મંડગાંવ સ્ટેશન આવ્યું ત્યાં સુધી અમારી વાતો ચાલુ જ હતી. હવે તેમને અને તેમના પરિવારને અલવિદા કહ્યું.

રાત્રે બીજા એક આંટી મારી સામેની સીટ પર આવીને બેઠા. બીજા દિવસે તો એમની સાથે યાત્રાનો નવો જ અધ્યાય શરૂ થયો. થોડા સમયમાં તેમની સાથેની બીજી ત્રણ આંટીઓ પણ આવી. બધાં મળીને વાતો કરતાં હતાં.

થોડીવાર પછી તેમણે મને પૂછ્યું કે હું ક્યાં જઈ રહી છું. તેઓ જોધપુરમાં પોતાના ઘરે પરત જઈ રહ્યા હતા. તેઓ બેઠકો બદલવાની વ્યવસ્થા કરી રહ્યા હતા જેથી બધાં સાથે બેસી શકે. પરંતુ મેં હસીને કહ્યું કે "હું અહીં જ સારી રીતે સેટ છું, હવે બધો સામાન લઈને બીજી સીટ પર જવું નથી." પછી લંચ સમયે ફરીથી વાતો શરૂ થઈ. તેઓએ તેમના રાજસ્થાનના સંસ્કૃતિ વિશે ઘણું કહ્યું. ખરેખર, ગુજરાત કરતાં તેમની સંસ્કૃતિ થોડી અલગ અને રસપ્રદ લાગી.

થોડીવાર પછી એક બીજી યુવતી પણ આવી, જે સોલો ટ્રાવેલ કરી રહી હતી. અમને જોઈને એ બધા ખૂબ પ્રેરિત થઈ ગયા. તેઓ હસતાં કહેતા હતા કે "હવે હું મારી દીકરીને પણ કહીશ કે મને બે દીકરિઓ મળી હતી અને તેઓ સોલો પ્રવાસ કરી રહી હતી, તો તે એમ જ કહેશે કે બધા ફરે છે ખાલી તને એવું છે કે ખાલી તારી દીકરી જોડે જ ખરાબ થશે. પછી અમે આંટી ને કહ્યું કે હવે તમે તમારી દીકરી ને મોકલજો અને એમને હા પાડી" આ સાંભળીને મને ખૂબ આનંદ થયો. કદાચ મારી સોલો ટ્રાવેલ કોઈને પ્રેરણા આપે - એ વિચાર જ સુંદર લાગ્યો.

આ રીતે વાતો, હાસ્ય અને નવા લોકોને મળતાં મળતાં આખી યાત્રા પસાર થઈ ગઈ. અને પછી બીજી સવાર આવી... જ્યારે ટ્રેન ધીમે ધીમે મારા શહેર તરફ પહોંચી રહી હતી. થોડા સમયમાં અમદાવાદ સ્ટેશન આવી ગયું.

જ્યારે ટ્રેનમાંથી નીચે ઉતરી, ત્યારે એવું લાગ્યું કે આ યાત્રા માત્ર સ્થળો જોવા માટે નહોતી - પણ લોકોને મળવા, નવાં વિચારો સાંભળવા અને પોતાને થોડું વધુ ઓળખવા માટેની હતી અને આ તમામ યાદો મારી સાથે હંમેશા રહેશે.

# 16. મુસાફરીમાં મળેલા લોકો અને યાદગાર ક્ષણો

આ આખી મુસાફરી દરમિયાન મને સૌથી વધુ જે વસ્તુઓ સ્પર્શી, તે માત્ર સ્થળોની સુંદરતા નહોતી, પણ રસ્તામાં મળેલા લોકો પણ હતા. ખરેખર કહું તો, આ યાત્રામાં મને ઘણા અલગ અલગ લોકો મળ્યા. કોઈ ગુજરાતમાંથી, કોઈ ઉત્તરપ્રદેશમાંથી, કોઈ કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગોવા અને કર્ણાટકમાંથી. એટલું જ નહીં મને ફ્રાન્સ અને કેનેડાથી આવેલા પ્રવાસીઓ પણ મળ્યા. દરેક વ્યક્તિની પોતાની વાર્તા હતી, પોતાની જીવનશૈલી હતી અને પોતાની વિચારસરણી હતી. છતાં એક વાત બધામાં સામાન્ય હતી - બધા ખૂબ જ મીઠા, સહાયરૂપ અને ઉષ્માભર્યા હતા. ઘણી વખત મને લાગ્યું કે આ મુસાફરી દરમિયાન મળેલા લોકો માટે હું ખરેખર ભાગ્યશાળી છું.

મારી લાંબી ટ્રેન મુસાફરીઓ - ખાસ કરીને અમદાવાદથી મદુરાઈ અને પછી તિરુવનંતપુરમથી અમદાવાદ સુધી - દરમિયાન તો ઘણા રસપ્રદ લોકો મળ્યા. ટ્રેનમાં એક રામેશ્વરમના આંટી મળ્યા હતા. તેમણે મને દક્ષિણ ભારતની સંસ્કૃતિ, ખાસ કરીને તમિલ ખોરાક અને પરંપરાઓ વિશે ઘણી માહિતી આપી. તેમની સાથે વાત કરતાં મને એક વાત ખાસ ધ્યાનમાં આવી - આ યાત્રા દરમિયાન મને મળેલી લગભગ દરેક દક્ષિણ ભારતીય મહિલામાં વાત કરવાની રીત,

શિષ્ટાચાર, માહિતી અને જ્ઞાનનો એક અલગ જ સ્તર જોવા મળ્યો. તેઓ ખૂબ શાંતિથી, આત્મવિશ્વાસ સાથે અને સરળતાથી અંગ્રેજીમાં વાત કરતા હતા. તેમની વાતોમાંથી સંસ્કૃતિ અને જ્ઞાન બંનેની ઝલક દેખાતી હતી.

આ મુસાફરી દરમિયાન એક બીજી યુવતી પણ મળી જે મારી જેમ સોલો ટ્રાવેલ કરી રહી હતી. તેની સાથે થયેલી વાત મને ખૂબ યાદ રહી. તે પોતાના જીવન વિશે ખૂબ સ્પષ્ટ હતી. તેણે કહ્યું કે તેને લગ્ન કરવાની કોઈ ખાસ ઇચ્છા નથી; તે પોતાનું જીવન પોતાની રીતે જીવવા માંગે છે અને હાલ મુસાફરી કરીને જીવનનો અર્થ શોધી રહી છે. તેની આ સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ મને ખૂબ પ્રભાવિત કરી ગયો. દરેક વ્યક્તિને તેમના પોતાનું જીવન જીવવાનો રસ્તો અને તેમના વિચાર પણ અલગ હોય છે.

પરત ફરતી ટ્રેન યાત્રામાં મને ગોવામાં કામ કરતા એક પોર્ટ ઓફિસર મળ્યા. તેમની સાથે થયેલી ચર્ચા ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર હતી. અમે કેરળની રાજનીતિ, સંસ્કૃતિ, બિઝનેસ, ભારત અને આંતરરાષ્ટ્રીય રાજકારણ, તેમજ મારા પોતાના કામ મેડિસિનલ કેમિસ્ટ્રીમાં R&D વિશે પણ લાંબી ચર્ચા કરી. મુસાફરી દરમિયાન આવી ચર્ચાઓ માત્ર સમય પસાર કરતી નથી, પણ આપણા વિચારોને વધુ વિસ્તૃત બનાવે છે.

આ મુસાફરીમાં મળેલા કેટલાક લોકો તો મારા માટે ખાસ યાદગાર બની ગયા. ખાસ કરીને મારા પ્રવાસ દરમિયાન મળેલા છ મિત્રો - જેમણે આ યાત્રાને ઘણી મસ્તીભરી બનાવી. તેમની સાથે થયેલી વાતો, હાસ્ય, નાનકડા મતભેદો અને પછી ફરી સમજણ - આ બધું મળીને મુસાફરીને વધુ જીવંત બનાવી ગયું. ક્યારેક થોડા સમય માટે મળેલા લોકો પણ જીવનમાં લાંબા સમય સુધી યાદ રહી જાય છે.

મદુરાઈમાં મળેલી એક આંટી પણ મારી યાદોમાં ખાસ છે. તેઓ પોતાના બે જિજા સાથે મુસાફરી કરી રહ્યા હતા. મને આ વાત ખૂબ ગમી. દરેક વ્યક્તિ પાસે જીવનસાથી હોય એવું જરૂરી નથી છતાં પણ લોકો સાથે મળીને મુસાફરી કરી શકાય છે. આ વિચાર મને ખૂબ સુંદર લાગ્યો. ઘણીવાર લોકો કહે છે કે "જીવનસાથી મળે પછી જ દુનિયા જોવા જવું." પરંતુ મને લાગે છે કે જ્યાં સારી કંપની મળે ત્યાંથી મુસાફરી શરૂ કરી દેવી જોઇએ. અને જો કોઈ સાથી ન મળે, તો એકલા મુસાફરી કરવાનો અનુભવ પણ એટલો જ સુંદર અને સાહસિક હોય છે.

આ મુસાફરી દરમિયાન મને ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના લોકોના વિચાર, જીવનશૈલી અને વાત કરવાની રીતમાં પણ ઘણો તફાવત જોવા મળ્યો. દરેક પ્રદેશની પોતાની વિશેષતા હોય છે. આ તફાવતોને નજીકથી જોવું અને સમજવું પણ મુસાફરીનો એક મહત્વનો ભાગ છે.

કોચીથી એલેપ્પી સુધીની યાત્રા દરમિયાન મળેલા અમારા ડ્રાઈવર પણ ખૂબ જ સારા અને જાણકાર હતા. તેઓ રસ્તામાં આવતા સ્થળો વિશે માહિતી આપતા અને બધા મુસાફરો સાથે ખૂબ પ્રેમથી વાત કરતા. તેમના કારણે આ સફર વધુ આનંદદાયક બની.

આ સિવાય પણ ઘણા લોકો મળ્યા - કોઈ સ્ટેશન પર, કોઈ કેફેમાં, કોઈ રસ્તામાં. કદાચ તેમની સાથે માત્ર બે કે પાંચ મિનિટ જ વાત થઈ હશે પરંતુ આવી નાની નાની મુલાકાતો પણ મુસાફરીને વધુ જીવંત બનાવી દે છે. અજાણ્યા લોકો સાથે થયેલી નાની વાતચીત પણ ઘણીવાર યાદગાર બની જાય છે.

જો હું આ આખી મુસાફરીમાંથી એક મહત્વની વાત કહી શકું, તો એ છે કે મુસાફરી માત્ર સ્થળોથી પૂર્ણ થતી નથી - તે લોકો અને પ્રકૃતિ બંનેથી પૂર્ણ થાય છે. રસ્તામાં મળેલા લોકો મુસાફરીને ગરમાહટ આપે છે, તો બીજી તરફ કુદરત તેને શાંતિ અને સૌંદર્ય આપે છે.

ખાસ કરીને કેરળમાં તો કુદરતનો એક અનોખો જ અનુભવ થયો. અહીંના દરિયા કિનારા, પહાડ, લીલાછમ પ્રકૃતિ, બેકવોટર્સ, મંદિરો, નાના કેફે અને આયુર્વેદની પરંપરા - બધું જ એક સાથે જોવા મળે છે. એવું લાગે છે કે કુદરતે અહીં પોતાની દરેક પ્રકારની સુંદરતા ખુલ્લા હાથે વહેંચી છે.

પ્રકૃતિમાં સમય પસાર કરવાથી મન શાંત થઈ જાય છે. સમુદ્રની લહેરો, લીલા પર્વતો અને ઠંડા પવન વચ્ચે ઉભા રહો ત્યારે અંદર એક અલગ જ શાંતિ અનુભવાય છે. કદાચ આ કારણ છે કે મુસાફરી આપણને વધુ શાંત, સર્જનાત્મક અને વિચારશીલ બનાવી દે છે.

# 17. આ મુસાફરીએ મને શું શીખવ્યું?

દરેક મુસાફરી માત્ર સ્થળો જોવા માટે નથી હોતી. ઘણી વખત મુસાફરી આપણને પોતાના વિશે વધુ શીખવે છે. આ આખી સફર દરમિયાન મેં ઘણા નવા શહેરો જોયા, નવી સંસ્કૃતિઓ અનુભવી, અલગ અલગ લોકો મળ્યા અને કુદરતની અદ્ભુત સુંદરતા જોઈ. પરંતુ આ બધાથી વધુ, આ મુસાફરીએ મને જીવન વિશે કેટલીક મહત્વની બાબતો શીખવી.

સૌથી પહેલા તો આ મુસાફરીએ મને આત્મવિશ્વાસ શીખવ્યો. અજાણ્યા શહેરો, અજાણ્યા લોકો અને લાંબી મુસાફરી - બધું જ થોડું અનિશ્ચિત લાગતું હોય. પરંતુ જ્યારે એક એક દિવસ આગળ વધતો ગયો, ત્યારે મને સમજાયું કે આપણે આપણા અંદર જેટલી શક્તિ સમજીએ છીએ, તેના કરતા ઘણી વધારે શક્તિ આપણામાં હોય છે. એકલી મુસાફરી કરીને મને લાગ્યું કે હું ઘણા નવા પડકારોનો સામનો કરી શકું છું.

આ મુસાફરીએ મને લોકો પર વિશ્વાસ રાખવાનું પણ શીખવ્યું. રસ્તામાં મળેલા ઘણા અજાણ્યા લોકો - ટ્રેનમાં મળેલા મુસાફરો, રસ્તામાં મળેલા લોકો, ડ્રાઈવર, કેફેમાં મળેલા લોકો - બધાએ કોઈને કોઈ રીતે મદદ કરી અથવા સુંદર ક્ષણ આપી. આ અનુભવથી મને સમજાયું કે દુનિયામાં ઘણાં સારા લોકો છે.

ક્યારેક અજાણ્યા લોકો પણ થોડા સમય માટે આપણા જીવનનો એક સુંદર ભાગ બની જાય છે.

બીજી એક મહત્વની વાત જે મેં આ મુસાફરીમાંથી શીખી, તે છે જીવનને થોડું ખુલ્લા મનથી જોવું. અલગ અલગ શહેરો અને સંસ્કૃતિઓને નજીકથી જોવાથી સમજાય છે કે દુનિયા કેટલી વિશાળ છે. દરેક જગ્યાના લોકોની વિચારસરણી અલગ હોય છે, તેમની જીવનશૈલી અલગ હોય છે, અને એ બધું સમજવાથી આપણા પોતાના વિચારો પણ વધુ વિસ્તૃત થતા જાય છે.

આ મુસાફરીએ મને સોલો ટ્રાવેલનું મહત્વ પણ સમજાવ્યું. જ્યારે આપણે એકલા મુસાફરી કરીએ છીએ, ત્યારે આપણે માત્ર બહારની દુનિયા જ નહીં, પણ પોતાના અંદરના વિચારોને પણ વધુ સારી રીતે સમજીએ છીએ.

એક બીજી ખૂબ સુંદર વાત જે મેં અનુભવી તે છે કુદરતની શક્તિ. દરિયા કિનારે બેસીને લહેરો જોવી, લીલાછમ પહાડો વચ્ચે સમય પસાર કરવો, શાંત મંદિરોમાં થોડી ક્ષણો વિતાવવી - આ બધું મનને એક અનોખી શાંતિ આપે છે. પ્રકૃતિ સાથે થોડો સમય વિતાવવાથી મન શાંત થઈ જાય છે અને વિચાર વધુ સર્જનાત્મક બની જાય છે. કદાચ એ જ કારણ છે કે મુસાફરી આપણને નવી ઊર્જા આપે છે.

આ આખી મુસાફરીએ મને એક ખૂબ જ મહત્વની વાત સમજાવી કે જીવનમાં દરેક વસ્તુ સંપૂર્ણ રીતે આયોજન મુજબ

હોવી જરૂરી નથી. ક્યારેક થોડું અજાણ્યું, થોડું અચાનક અને થોડું અનિયોજિત પણ જીવનને વધુ રસપ્રદ બનાવી દે છે.

આ સફર પૂરી થયા પછી જ્યારે હું પાછી ઘરે આવી ત્યારે મને એવું લાગ્યું કે હું માત્ર મુસાફરી કરીને પાછી આવી નથી. હું સાથે લઈને આવી છું નવા અનુભવો, નવી સમજણ અને જીવનને જોવાનો એક નવો દ્રષ્ટિકોણ.

અને કદાચ એ જ દરેક મુસાફરીની સૌથી મોટી ભેટ હોય છે - મુસાફરી આપણને દુનિયા બતાવે છે, પરંતુ સાથે સાથે આપણને આપણો પોતાનો રસ્તો પણ બતાવી જાય છે.

# 18. સોલો ટ્રાવેલ કરવા માંગતા લોકો માટે માર્ગદર્શન

આ આખી મુસાફરી પછી એક વાત મને ખૂબ સ્પષ્ટ રીતે સમજાઈ - સોલો ટ્રાવેલ માત્ર એક પ્રવાસ નથી, તે એક અનુભવ છે. તે આપણને નવી જગ્યાઓ બતાવે છે, નવા લોકો સાથે મળાવે છે અને સૌથી મહત્વની વાત - આપણને આપણા વિશે વધુ સમજાવે છે.

ઘણા લોકો સોલો ટ્રાવેલ વિશે વિચાર કરે છે, પરંતુ ઘણીવાર ડર અથવા અનિશ્ચિતતા તેમને રોકી લે છે. “એકલા કેવી રીતે જઈશ?” “સુરક્ષિત હશે કે નહીં?” “કોઈ ઓળખીતું નહીં હોય તો શું કરવું?” આવા ઘણા પ્રશ્નો મનમાં આવે છે. પરંતુ સાચી વાત એ છે કે જો આપણે થોડુંક આયોજન કરીએ અને થોડોક આત્મવિશ્વાસ રાખીએ, તો સોલો ટ્રાવેલ એક અદ્‌ભુત અનુભવ બની શકે છે.

સૌથી પહેલું માર્ગદર્શન એ છે કે યોગ્ય આયોજન કરવું જરૂરી છે. જ્યાં જવાનું છે તે સ્થળ વિશે થોડું વાંચવું, ત્યાંની સંસ્કૃતિ, ટ્રાન્સપોર્ટ અને રહેવાની વ્યવસ્થા વિશે પહેલેથી માહિતી મેળવી લેવી - આ બધું મુસાફરીને સરળ બનાવે છે. જો તૈયારી સારી હોય, તો અડધો ડર તો એથી જ દૂર થઈ જાય છે.

બીજી મહત્વની વાત છે સુરક્ષા. સોલો ટ્રાવેલ કરતી વખતે પોતાની સુરક્ષાને હંમેશા પ્રાથમિકતા આપવી જોઇએ. પરિવાર અથવા નજીકના મિત્રોને પોતાની યાત્રાની માહિતી આપવી, ફોન ચાર્જ રાખવો, જરૂરી દસ્તાવેજો સુરક્ષિત રાખવા આ નાની બાબતો મુસાફરી દરમિયાન ખૂબ ઉપયોગી બને છે.

ત્રીજી વાત - ખુલ્લા મનથી મુસાફરી કરવી. જ્યારે આપણે એકલા મુસાફરી કરીએ છીએ, ત્યારે ઘણી વખત નવા લોકો મળે છે. દરેક વ્યક્તિ સાથે ગાઢ મિત્રતા કરવી જરૂરી નથી, પરંતુ ખુલ્લા મનથી વાતચીત કરવાથી મુસાફરી વધુ રસપ્રદ બની જાય છે. ઘણી વખત અજાણ્યા લોકો પણ ખૂબ સારી માહિતી આપે છે અને મુસાફરીને વધુ યાદગાર બનાવી દેતા હોય છે.

ચોથી મહત્વની વાત - લવચીકતા રાખવી. દરેક વસ્તુ સંપૂર્ણ રીતે પ્લાન મુજબ ના પણ થઈ શકે. ક્યારેક ટ્રેન મોડી થઈ શકે, ક્યારેક કોઈ સ્થળ બંધ હોઈ શકે. આવી સ્થિતિમાં થોડી શાંતિ રાખવી અને પરિસ્થિતિને સ્વીકારી લેવી, એ પણ મુસાફરીનો એક ભાગ છે.

એક બીજી સુંદર વાત એ છે કે સોલો ટ્રાવેલ દરમિયાન આપણે પોતાના સાથે સમય વિતાવવાનું શીખીએ છીએ. ઘણીવાર જીવનમાં આપણે એટલા વ્યસ્ત હોઇએ છીએ કે પોતાના વિચારોને સાંભળવા માટે સમય જ નથી મળતો. મુસાફરી

દરમિયાન, ખાસ કરીને જ્યારે આપણે પ્રકૃતિની વચ્ચે હોઈએ, ત્યારે મન શાંત થઈ જાય છે અને વિચારો વધુ સ્પષ્ટ બનવા લાગે છે.

અને સૌથી મહત્વની વાત - ડર ઉપર જીત મેળવવી. ઘણીવાર આપણે કોઈ કામ માત્ર એટલા માટે નથી કરતા કારણ કે આપણે ડરીએ છીએ. પરંતુ જ્યારે એકવાર આપણે એ ડરને પાર કરી લઈએ ત્યારે સમજાય છે કે દુનિયા એટલી મુશ્કેલ નથી જેટલી આપણે કલ્પના કરીએ છીએ.

જો કોઈ વ્યક્તિ સોલો ટ્રાવેલ વિશે વિચાર કરી રહ્યા હોય, તો હું તેમને એક જ સલાહ આપું કે 'એકવાર જરૂર પ્રયત્ન કરો'. શરૂઆતમાં કદાચ થોડો ખચવાટ થશે, પરંતુ એકવાર તમે રસ્તા પર નીકળશો, ત્યારે દુનિયા તમને ઘણી નવી વાર્તાઓ અને અનુભવો આપશે.

કારણ કે સોલો ટ્રાવેલમાં એક સુંદર સત્ય છુપાયેલું છે કે જ્યારે તમે એકલા મુસાફરી કરો છો, ત્યારે તમે ફક્ત દુનિયા જ નહીં, પણ પોતાને પણ શોધવા લાગો છો.

"આવ્યા છીએ દુનિયામાં, અનુભવમાં ડૂબવા માટે;
તો કેમ ન આ અનોખી સફરમાં થોડું ડૂબી જઈએ!
આ સફર સુહાની છે
પોતાને ઓળખવાનો એક અનમોલ મોકો છે.
દરેક પળને દિલથી જીવી લો,
દરેક રસ્તાને પ્રેમથી અપનાવો...
કેમ કે કોણ જાણે
આ પળ ફરી મળે કે ન મળે."

- ડૉ. દૃષ્ટિ